અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ જુલાઈ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ વદ અમાસ | અંક : ૩૩૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રોજર બિન્ની અને જય શાહ પણ ઉપસ્થિત રહ્યા

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટીમ ઈન્ડિયાની મુલાકાત થઈ

## મુલાકાત દરમિયાન મોદીએ તમામ ખેલાડીઓની ખૂબ પ્રસંશા કરી અને તેઓના સાથે ઘણો સમય વાતચીત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ટીમ ઈન્ડિયા ૨૦૨૪નો ખિતાબ જીત્યા પછી ટીમ ઈન્ડિયાની જ્યારે વતન વાપસી થઈ તો સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તમામ ખેલાડીઓ જ્યારે અહીં પહોંચ્યા ત્યારે એરપોર્ટથી સીધા હોટલ ગયા, જ્યાં તેના સ્વાગત માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાર બાદ ખેલાડીઓ સીધા વડાપ્રધાન આવાસ જવા માટે રવાના થયા હતા. આ દરમિયાન આશરે બે કલાક સુધી મુલાકાત ચાલી હતી. પીએમ મોદીએ તમામ ખેલાડીઓની ખૂબ પ્રસંશા કરી અને તેઓના સાથે ઘણો સમય વાતચીત કરી હતી. ખેલાડીઓ અને કોચ સિવાય બીસીસીઆઈ અધ્યક્ષ અને સચિવ પણ હાજર રહ્યા હતા. આ બંનેએ પીએમ મોદીને ખાસ ભેટ આપી હતી. ભારતીય ટીમ એર ઈન્ડિયાના વિશેષ વિમાન છૈંઝ૨૪૦ઝમાં બુધવારે ભારતીય સમયાનુસાર સવારે ૪.૫૦ મિનિટે બારબાડોસથી રવાના થયા અને ૧૬ કલાક સુધી ક્યાંય પણ રોકાયા વગર ગુરુવારે સવારે ભારતીય સમયાનુસાર ૬ વાગ્યા દિલ્હી પહોંચી હતી. આશરે ૧૧ વાગ્યે તમામ ખેલાડી અને હેડ કોચ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે તેના આવાસે રવાના થયા. ભારતીય ટીમે વડાપ્રધાનના ૭, લોક કલ્યાણ માર્ગ સ્થિત આવાસ પર આશરે ૨ કલાક વિતાવ્યા હતા. બીસીસીઆઈ અધ્યક્ષ રોજર બિન્ની અને સચિવ જય શાહે પીએમ મોદીને ટીમ ઈન્ડિયાની ખાસ જર્સી આપી હતી. જેની પાછળ નમો અને નંબર ૧ લખેલુ હતું. આ જર્સીને મેળવીને પીએમ મોદી ઘણાં ખુશ જોવા મળ્યા હતા. આ પહેલા એરપોર્ટથી તમામ ખેલાડી એક એક કરીને બહાર નીકળ્યાં હતા. ખેલાડીઓ થાકેલા હતા, પરંતુ ઉત્સાહિત ખેલાડીઓની રાહ જોઈ રહેલા પ્રસંશકોને હાથ હલાવી ઉત્સાહપૂર્ણ રીતે અભિવાદ જીલ્યા હતા. ફાઈનલમાં ડેવિડ મિલરનો શાનદાર કેચ પકડીને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવનાર સૂર્યકુમાર નારાઓના જવાબ આપવામાં સૌથી વધુ ઉત્સાહિત હતા. ભયાનક કાર દુર્ઘટનામાં ઘાયલ થયા બાદ ટી૨૦ વર્લ્ડ કપ સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસમાં વાપસી કરનાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે પ્રસંશકોને સલામ કરી જ્યારે ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે તેની સામે ફલાઈંગ કિસ આપી હતી. રોહિત અને વિરાટ કોહલી છેલ્લે બહાર નીકળ્યા હતા.




**ટ્રોફી સાથે બાળકની જેમ રમતા જોવા મળ્યા**

## ભારતીય ટીમે ફ્લાઈટમાં વર્લ્ડ કપ ટ્રોફી સાથે બાળકો જેવી મસ્તી કરી

**ટીમ ઈન્ડિયા બાર્બાડોસથી ભારત પરત ફરી છે. ૨૯ જૂને મેન્સ ૨૦ વર્લ્ડ કપ જીતનારી વિજેતા ટીમ ગુરુવારે સવારે નવી દિલ્હીના IGI એરપોર્ટ પર પહોંચી હતી. રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમે શનિવારે કેન્સિંગ્ટન ઓવલ ખાતે રમાયેલી રોમાંચક ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને ૭ રનથી હરાવીને બીજી વખત ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. પરંતુ હરિકેન બેરીલને કારણે તેમના ઘરે પરત ફરવામાં વિલંબ થયો હતો. બીસીસીઆઈએ ટીમ માટે ખાસ ચાર્ટર્ડ એર ઈન્ડિયા ફ્લાઈટની વ્યવસ્થા કરી હતી. નેવાર્ક, ન્યુ જર્સીની બોઇંગ ૭૭૭ ફ્લાઇટ બુધવારે વહેલી સવારે બ્રિજટાઉનમાં ગ્રાન્ટલી એડમ્સ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી હતી. ત્યારબાદ બીજી ખાસ ફ્લાઇટ સ્થાનિક સમય મુજબ સવારે ૪:૫૦ વાગ્યે બ્રિજટાઉનથી રવાના થઈ, જેમાં ભારતીય ટીમના સપોર્ટ સ્ટાફ, ખેલાડીઓના પરિવારજનો, બીસીસીઆઈના અધિકારીઓ અને ૨૨ પ્રવાસી મીડિયા પર્સન્સ હતા. આમ જોવા જઈએ તો BCCIએ સૌથી લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં ભારતીય ખેલાડીઓ ફ્લાઈટમાં T20 વર્લ્ડ કપની ટ્રોફી સાથે મસ્તી કરતા જોવા મળ્યા હતા. રોહિત શર્મા, વિરાટ કોહલી, મોહમ્મદ સિરાજ, રિષભ પંત, સૂર્યકુમાર યાદવ અને તેની પત્ની, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ સહિતના ખેલાડીઓ ટ્રોફી સાથે મસ્તી કરતા જોવા મળ્યા હતા.**




નવી દિલ્હીમાં BCCI પ્રમુખ રોજર બિન્ની અને સેક્રેટરી જય શાહે લોક કલ્યાણ માર્ગ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા બાદ તેમને ખાસ 'NAMO' ઈન્ડિયાની જર્સી ભેટમાં આપી હતી.

### ટીમની એક ઝલક માટે અનેક ફેન્સ દિલ્હી એરપોર્ટ પર પહોંચ્યા

**ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીતીને ભારતીય ક્રિકેટ ટીમનું સ્વદેશ આગમન થઈ ચૂક્યું છે. ટીમ ઈન્ડિયા દિલ્હી એરપોર્ટના ટર્મિનલ ૩ પહોંચી. ટીમ માટે એક સ્પેશિયલ બસની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ટીમ ઈન્ડિયાએ દિલ્હી એરપોર્ટ પહોંચતા જ સૌથી પહેલા ઈમિગ્રેશન સંબંધિત કાર્યવાહી પૂરી કરી. ત્યારબાદ તે આઈટીસી મૌર્ય હોટલ રવાના થઈ ગઈ હતી. ભારતીય ટીમની એક ઝલક જોવા માટે અનેક ફેન્સ દિલ્હી એરપોર્ટ પર વહેલા પહોંચી ગયા હતા. ટીમ ઈન્ડિયા જેવી એરપોર્ટથી બહાર નીકળી કે ફેન્સ પણ ઈન્ડિયા ઈન્ડિયાના નારા લગાવતા જોવા મળ્યા.**

**CM હિમંતાએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી**

# આસામમાં પૂરની સ્થિતિ ગંભીર, ૧૧.૫ લાખથી વધુ લોકો પ્રભાવિત

### કાઝીરંગા નેશનલ પાર્કમાં પણ પૂરની સ્થિતિ ગંભીર છે જ્યાં જંગલનો મોટો ભાગ ડૂબી ગયો છે અને એક બાળક ગેંડા પૂરના પાણીમાં ડૂબી ગયો છે





। (એજન્સી) આસામ, તા.૪ ।

આસામમાં પૂરની ગંભીર કટોકટી ચાલુ છે અને બ્રહ્મપુત્રા સહિતની મોટી નદીઓ અને તેની ઉપનદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી જવાને કારણે ૨૩ જિલ્લાઓમાં ૧૧.૫૦ લાખ લોકો પ્રભાવિત થયા છે. આ વર્ષે રાજ્યમાં પૂર, ભૂસ્ખલન અને તોફાનની ઘટનાઓમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪૮ થઈ ગઈ છે. બ્રહ્મપુત્રા નદીનું પાણી હજુ પણ ખતરાના નિશાનથી ઉપર વહી રહ્યું છે. દરમિયાન, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પૂર પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને પૂરનો સામનો કરવા માટે સતત પગલાં લેવાની વાત પણ કરી હતી.પરંતુ આ બધાની વચ્ચે જ્યારે આજતકની ટીમ આસામના જોરહાટ પહોંચી તો જાણવા મળ્યું કે માઈલોની જમીન હજુ પણ પાણીમાં છે અને ઘરો, ખેતરો અને શાળાઓ ડૂબી ગઈ છે. જોરહાટના આ વિસ્તારમાં હવે પૂરનું પાણી થોડું ઓછું થઈ ગયું છે, પરંતુ હજારો લોકો હજુ પણ ઘરની બહાર રહેવા મજબૂર છે.અહીંની તમામ શાળાઓ લગભગ બંધ છે, કારણ કે શાળા તરફ જતો રસ્તો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો છે અને ઘણી શાળાઓ પણ પાણીમાં ડૂબી ગઈ છે. ઘણી જગ્યાએ લોકો રસ્તા પર રહે છે અને તમામ ઢોરોને પણ રસ્તા પર રાખવામાં આવ્યા છે. કારણ કે ઘરો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. બરપેટા, વિશ્વનાથ, કચર, ચરાઈદેવ, ચિરાંગ, દરરંગ, ધેમાજી, ડિબ્રુગઢ, ગોલાઘાટ, જોરહાટ, કામરૂપ મેટ્રોપોલિટન, કાબી આંગલોંગ, કરીમગંજ, લખીમપુર, માજુલી, મોરીગાંવ, નાગાંવ, નલબારી, શિવસાગર, સોનિતપુર, તામુલપુર અને તમુલપુરના પૂરને કારણે જિલ્લાઓ અસરગ્રસ્ત છે. રિપોર્ટ અનુસાર લખીમપુરમાં પૂરથી ૧.૬૫ લાખથી વધુ લોકો સૌથી વધુ પ્રભાવિત થયા છે. કાઝીરંગા નેશનલ પાર્કમાં પણ પૂરની સ્થિતિ ગંભીર છે જ્યાં જંગલનો મોટો હિસ્સો ડૂબી ગયો છે અને એક બાળક ગેંડા પૂરના પાણીમાં ડૂબી ગયો છે. મુખ્યમંત્રીએ રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થિતિની પણ સમીક્ષા કરી હતી અને અધિકારીઓને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનોની અવરજવરને નિયંત્રિત કરવા સહિતની પૂરતી તકેદારી રાખવાનો નિર્દેશ આપ્યો હતો જેથી વન્યજીવોને નુકસાન ન થાય.

## ન્યૂઝ બ્રિફ

### રામ મંદિરના પૂજારીઓનો ડ્રેસ ભગવામાંથી બદલી પીળો કરાયો

। અયોધ્યા, તા.૪ ।

રામ મંદિર ટ્રસ્ટના અધિકારીઓ અનુસાર રામલલાના મંદિરના પૂજારીઓના ડ્રેસમાં ફેરફાર કરાયો છે. અત્યાર સુધી ગર્ભગૃહમાં પૂજારીઓ ભગવા વસ્ત્રમાં જોવા મળતા હતા, જેમાં ભગવા રંગનો કુર્તો, ધોતી અને પાઘડીનો સમાવેશ થતો હતો. જો કે હવે પૂજારીઓએ પીળા રંગના કુર્તા, ધોતી અને પાઘડી પહેરવાનું પણ શરૂ કર્યું છે. આ ઉપરાંત ગર્ભ ગૃહમાં મોબાઈલ ફોન લઈ જવા પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. મંદિર અધિકારીઓના જણાવ્યા અનુસાર, નવો ડ્રેસ કોડ પહેલી જુલાઈથી લાગુ થઈ ગયો છે.

### ૧૨ જૂલાઈએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ લગ્ન થશે

। મુંબઈ, તા.૪ ।

ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીના લગ્નની ચર્ચા ગયા વર્ષથી ચાલી રહી છે. અનંત અને તેની ભાવિ પત્ની રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેલિબ્રેશન આ વર્ષે માર્ચની શરૂઆતમાં થઈ હતી. આ પછી જૂનમાં બીજું પ્રી-વેડિંગ સેલિબ્રેશન થયું, જેમાં બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધીના સ્ટાર્સે સામેલ થયા હતા. હવે ૧૨ જૂલાઈએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ લગ્ન કરવા જઈ રહ્યા છે.

### ધારાસભ્યોની હાજરીમાં રાજ્યપાલે લેવડાવ્યા શપથ

# હેમંત સોરેન ફરી બન્યા ઝારખંડના મુખ્યમંત્રી

### હેમંતે કથિત જમીન કૌભાંડ કેસમાં ૩૧ જાન્યુઆરીએ ધરપકડ પહેલા સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું

। (એજન્સી) રાંચી, તા.૪ ।

લગભગ ૫ મહિના પછી હેમંત સોરેન ઝારખંડમાં સત્તામાં પાછા આવી ગયા છે. હેમંતે કથિત જમીન કૌભાંડ કેસમાં ૩૧ જાન્યુઆરીએ ધરપકડ પહેલા સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું હતું, પરંતુ હવે તેમની મુક્તિ બાદ તેઓ ફરીથી મુખ્યમંત્રી બની ગયા છે. ઝારખંડની કમાન ફરી હેમંત સોરેને સંભાળી લીધી છે. ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન આજે ઝારખંડના ૧૩મા મુખ્યપ્રધાન તરીકે શપથ લઈ લીધા છે. ઝારખંડના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને રાજભવનમાં હેમંત સોરેનને મુખ્યમંત્રી પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. હેમંત સોરેન ત્રીજી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે. આ પહેલા રાજ્યના મુખ્યમંત્રી ચંપઈ સોરેને ગઈકાલે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામું આપ્યા પછી જેએમએમના નેતા હેમંત સોરેન રાજભવન ખાતે રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો કર્યો. ત્યારે હવે હેમંત સોરેને ત્રીજી વખત રાજ્યની કમાન સંભાળી લીધી છે. જો કે, અગાઉ એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે હેમંત સોરેન ૭ જુલાઈએ મુખ્યમંત્રી પદના શપથ લેશે. પરંતુ હવે આજે મુખ્યમંત્રી પદના શપથ લઈ લીધા છે. અગાઉ શાસક ગઠબંધનના નેતાઓ અને ધારાસભ્યોએ રાંચીમાં ચંપઈ સોરેનના નિવાસસ્થાને મળેલી બેઠકમાં સર્વસંમતિથી હેમંત સોરેનને ઝારખંડ મુક્તિ મોરચા વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટ્યા હતા.




# ઈઝરાયેલના સૈન્ય મથકો પર હિઝબુલ્લાહનો મોટો હુમલો

### હિઝબુલ્લાહે તેના કમાન્ડરના મૃત્યુનો બદલો લીધો : બંને પક્ષો સંપૂર્ણ યુદ્ધની ઘોષણા કરે તેવી શક્યતા

। (એજન્સી) બેરૂત, તા.૪ ।

દુનિયા પહેલેથી જ બે યુદ્ધોથી ઝઝૂમી રહી છે, ત્યારે હવે વધુ એક સંઘર્ષના ભણકારા વાગી રહ્યા છે. ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે તણાવ વધી રહ્યો છે. દરમિયાન લેબનીઝ સંગઠન હિઝબુલ્લાએ દાવો કર્યો છે કે તેણે ઈઝરાયેલના સૈન્ય મથકો પર ૨૦૦થી વધુ રોકેટ છોડ્યા છે. હિઝબુલ્લા દ્વારા ઈઝરાયેલ પર કરવામાં આવેલો અત્યાર સુધીનો આ સૌથી મોટો હુમલો છે. હિઝબુલ્લાહનું કહેવું છે કે તેણે તેના કમાન્ડરના મૃત્યુનો બદલો લીધો છે. એવી આશંકા છે કે બંને પક્ષો સંપૂર્ણ યુદ્ધની ઘોષણા કરી શકે છે. જો આમ થશે તો મધ્ય પૂર્વમાં સંઘર્ષ વધવાનો ભય રહેશે. આને લઈને સમગ્ર વિશ્વમાં ચિંતા છે.



તમને જણાવી દઈએ કે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હુમલામાં હિઝબુલ્લાહ કમાન્ડરનું મૃત્યુ થયું હતું. ઈઝરાયેલી સેનાએ ગઈકાલે બુધવારે સ્વીકાર્યું હતું કે તેણે એક દિવસ અગાઉ દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના પ્રાદેશિક વિભાગનું નેતૃત્વ કરનાર મોહમ્મદ નેમેહ નાસરને ઠાર માર્યો હતો. આ પહેલા પણ ઈઝરાયેલની સેનાએ હિઝબુલ્લાના કમાન્ડરોના મૃત્યુ નિપજાવ્યા હતા. ફેબ્રુઆરી મહિનામાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ હિઝબુલ્લાહના અલ-હજ રદવાન ફોર્સના સેન્ટ્રલ કમાન્ડર અલી મુહમ્મદ અલ-દબ્સની હત્યા કરી હતી. અલી મુહમ્મદ અલ-દબ્સ ઉત્તરી ઈઝરાયેલમાં મેગિદ્દો જંકશન પરના હુમલામાં સામેલ હતો. આ પછી જૂન મહિનામાં પણ ઈઝરાયેલે હિઝબુલ્લાહના વધુ એક કમાન્ડર સામી અબ્દુલ્લાને પણ ઠાર કર્યો હતો. ઈઝરાયેલ પરના તાજેતરના હુમલા બાદ હિઝબુલ્લાએ એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે, 'અમારા કમાન્ડરના મૃત્યુના જવાબમાં અમે ગોલાન હાઈટ્સમાં ૨૦૦ રોકેટથી ઈઝરાયેલના પાંચ સૈન્ય મથકો પર હુમલો કર્યો છે.'

### NEET પેપર લીક કેસમાં સીબીઆઈને મોટી સફળતા

# ઝારખંડમાંથી સહ-ષડયંત્રકારની આખરે ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ-ગ્રેજ્યુએટ (NEET-UG) પ્રશ્નપત્ર લીક કેસમાં કથિત સહ-ષડયંત્રકાર અમન સિંહની ઝારખંડના ધનબાદમાંથી ધરપકડ કરી છે. અધિકારીઓએ આ જાણકારી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે સીબીઆઈને પ્રશ્નપત્ર લીકમાં કથિત રીતે ઝારખંડમાં કાર્યરત મોડ્યુલ વિશે ગુપ્ત માહિતી પ્રાપ્ત થયા બાદ અમન સિંહની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે કેન્દ્રીય એજન્સીએ આ કેસના સંબંધમાં છઠ્ઠી ધરપકડ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે એજન્સીએ અગાઉ હજારીબાગ સ્થિત ઓએસિસ સ્કૂલના પ્રિન્સિપાલ અને બે વ્યક્તિઓની ધરપકડ કરી હતી જેમણે કથિત રીતે NEET ઉમેદવારોને રહેવા માટે ફલેટ પૂરો પાડ્યો હતો, જ્યાંથી બિહાર પોલીસે બળી ગયેલા પ્રશ્નપત્રો મેળવ્યા હતા. સીબીઆઈએ આ કેસમાં છ એફઆઈઆર નોંધી છે.

### રાજસ્થાનના રાજકારણમાં મોટી હલચલ

# કૃષિ મંત્રી કિરોડીલાલ મીણાએ રાજીનામું આપ્યું

। (એજન્સી) જયપુર, તા.૪ ।

રાજસ્થાનની રાજનીતિમાં એક મોટી હલચલમાં આજે ગુરુવારે રાજ્યના કેબિનેટ મંત્રી ડૉ. કિરોડીલાલ મીણાએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. લોકસભા ચૂંટણી બાદથી વિપક્ષ તેમના રાજીનામા અંગે સતત પ્રહારો કરી રહ્યો હતો, જ્યારે તેમના સાથીદારો કહી રહ્યા હતા કે તેઓ પદ છોડી રહ્યા નથી. જો કે હવે કિરોડીલાલ મીનાએ પોતાનું રાજીનામું મુખ્યમંત્રી ભજન લાલને મોકલી આપ્યું છે. તેમણે આ રાજીનામું ચૂંટણી પરિણામ આવ્યાના એક મહિના બાદ આપ્યું છે. લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન મંત્રી કિરોડીલાલ મીણાએ આપેલું વચન તેમને મોંઘુ પડ્યું છે. તેમણે જાહેરાત કરી હતી કે, ભાજપ રાજસ્થાનમાં તેમના ચાર્જ હેઠળની તમામ ૭ બેઠકો જીતશે, જ્યારે શાસક પક્ષ માત્ર ૩ બેઠકો જીતી શક્યો. આ પછી તેમના પર રાજીનામું આપવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું હતું.



ડૉ. કિરોડીલાલ મીણાની ગણતરી પૂર્વી રાજસ્થાનના મીણા સમુદાયના દિગ્ગજ નેતાઓમાં થાય છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં રાજસ્થાનમાં બનેલી ભાજપની ભજનલાલ સરકારમાં તેમને કૃષિ મંત્રી બનાવવામાં આવ્યા હતા. જો કે, લોકસભા ચૂંટણી દરમિયાન તેમના પ્રચાર દરમિયાન, તેમણે વચન આપ્યું હતું કે, જો ભાજપ તેમના ચાર્જ હેઠળની સાત બેઠકોમાંથી એક પણ ગુમાવશે.

### ન્યાયની મજાક ન ઉડાવો

# ટ્રાયલમાં વિલંબ મામલે NIAને સુપ્રીમની ફટકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સુપ્રીમ કોર્ટે ચાર વર્ષથી જેલમાં રહેલા એક આરોપીને જામીન આપતાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને ટ્રાયલમાં વિલંબ કરવા બદલ સખત ઠપકો આપ્યો હતો. આ કેસ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ (UAPA) ૧૯૬૭ હેઠળ નોંધવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે NIAને ન્યાયની મજાક ન ઉડાવવા જણાવ્યું હતું. કોર્ટે કહ્યું કે આરોપી ભલે ગંભીર ગુનાનો આરોપી હોય પણ તેને ઝડપી સુનાવણીનો અધિકાર છે. જસ્ટિસ જેબી પારડીવાલાની આગેવાની હેઠળની વેકેશન બેન્ચે NIAને કહ્યું કે, કેસ શરૂ કરવાની જવાબદારી તમારી છે. તે છેલ્લા ચાર વર્ષથી જેલમાં છે. આજદિન સુધી આરોપો ઘડવામાં આવ્યા નથી. બેન્ચે એ પણ નોંધ્યું હતું કે ૮૦ સાક્ષીઓની તપાસ કરવાની બાકી છે. બેંચ બોમ્બે હાઈકોર્ટના આદેશ સામેની અપીલની સુનાવણી કરી રહી હતી જેણે અપીલકર્તા જાવેદ ગુલામ નબી શેખને જામીન પર મુક્ત કરવાનો ઈનકાર કર્યો હતો. આરોપીઓની લાંબી જેલને જોતા કોર્ટે કેસની સુનાવણી સ્થગિત કરવાનો ઈનકાર કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ઉત્તર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ થયો : લાખણીમાં જળબંબાકાર

। (એજન્સી) લાખણી, તા.૪ ।

હવામાન વિભાગ દ્વાર બે દિવસ માટે બનાસકાંઠા જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવેલ જે અનુસાર બનાસકાંઠા જિલ્લામા મેઘરાજાની પધરામણી થતાંની સાથે જ અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. લાખણીમાં પણ વરસાદની એકાએક એન્ટ્રી થઈ હતી. લાખણીમાં સવારના ૧૦ વાગ્યાથી વરસાદની શરૂઆત થઈ હતી જે બપોરના ૨ વાગ્યા સુધીમાં ૨૦૪ મીમી. એટલે કે, ૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. એકાએક આઠ ઈંચ જેટલો વરસાદ ખાબકવાથી લાખણીના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા. થોડો સમય વિરામ લીધા બાદ ચાર વાગ્યા બાદ ફરી વરસાદ શરૂ થતાં રાત્રે આઠ વાગ્યા સુધી વધુ ત્રણ ઈંચ વરસાદ વધતાં મંગળવારે લાખણીમાં ૧૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. લાખણીમાં વરસાદી પાણીના નીકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાના લીધે અનેક જગ્યાઓ પાણીમાં ગરકાવ થઈ જાય છે. લાખણી ખાતેના ડીસા, થરાદ હાઈવે પર નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં હાઈવે પાણીમાં ગરકાવ થયા હતા જેથી વાહન ચાલકોને ભારે મુશ્કેલી થવા પામી હતી.

### કરજણ નદી કિનારે મગર અને ૨૦થી વધુ બચ્ચા જોવામાં મળ્યા

। (એજન્સી) નર્મદા, તા.૪ ।

નર્મદા જિલ્લાના રાજપીપળાની કરજણ નદીના કિનારે સિકોતર માતા મંદિર નીચે માદા મગરની સાથે આશરે તેના વીસથી વધુ મગરના નાના નાના બચ્ચાઓ જોવા મળતા લોકોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું. જવલ્લેજ જોવા મળતા એકાદ બે મગરના બદલે હાલમાં મોટી સંખ્યામાં બચ્ચાંઓ પણ દેખા દેતા તેને જોવા લોકટોળા ઉમટી પ ડ્યા હતા. આ મગરના ઈંડા મૂકવાના અમુક અઠવાડિયા બાદ બચ્ચાઓ બહાર આવ્યા હોવાનું લોકોનું કહેવુ છે. જેથી માદા મગર તેની આસપાસ પાણીમાં બેસીને આ મગરના નાના નાના બચ્ચાઓનું રક્ષણ કરી રહી હોય તેવું લાગી રહ્યું છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજપીપળામાં વન વિભાગ દ્વારા મગરથી બચવા માટેની જે ચેતવણીના બોર્ડ મારવામાં આવ્યા છે તેને ધ્યાને લઈ ત્યાં આવતા લોકો અથવા અજાણ્યા પ્રવાસીઓ પોતાની સલામતીની ચિંતા પહેલા કરે. કારણ કે નર્મદા જિલ્લો પ્રવાસન માટે જાણીતો છે અને નવા નવા પ્રવાસીઓ અહીં આવતા હોય છે તેવામાં આનંદ માણવા જતાં કોઈ દુર્ઘટના ન સર્જાય એવી તકેદારી લોકો રાખે તે ખૂબ જ જરૂરી છે.

### સુરતમાં શંકાસ્પદ ડ્રમમાંથી યુવતીની ડેડબોડી મળી આવી

। (એજન્સી) સુરત, તા.૪ ।

ભેસ્તાન પોલીસ મથકની હદમાં અવાવરું જગ્યાએથી શંકાસ્પદ ડ્રમ મળી આવ્યું હતુ. લાશ હોવાની આશંકા સાથે પોલીસ વજનદાર ડ્રમ લઈ સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. જ્યાં રાત્રે કટરથી સિમેન્ટ ભરેલું આ ડ્રમ કાપતા તેમાંથી યુવતીની ડેડબોડી મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ગળે ટૂંપો આપી હત્યા કર્યા બાદ લાશને પ્લાસ્ટિકના ડ્રમમાં કાપડના ડૂચા, રેતી- સિમેન્ટ સાથે ભરી દઈ એકલારા ખાતે ફેંકી દેવાયું હતુ. ફિલ્મીઢબે યુવતીના આ હત્યાકાંડની પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, મંગળવારે સાંજે ભેસ્તાન પોલીસ સિમેન્ટ ભરેલુ ડ્રમ લઈને સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. ભારેખમ ડ્રમ થોડું ખુલ્લું હતુ અને પગ જેવું દેખાતા લાશ હોવાની આશંકા પોલીસે વ્યક્ત કરી હતી. જેને પગલે સિવિલના તબીબો પણ ચોંકી ગયા હતા. પીએમ રૂમમાં આ ડ્રમ મુકાયું હતુ. પાંચેક ફૂટના આ ડ્રમને તોડવા એકતા ટ્રસ્ટના અબ્દુલ મલબારી અને તેમની ટીમની મદદ લેવાઈ હતી.

#### ચારે તરફ કન્સ્ટ્રક્શન સાઈટ્સ ધમધમી રહી છે

# ગાંધીનગરમાં મચ્છરોનો ઉપદ્રવ ડામવાની નોટિસો બાદ પણ કન્સ્ટ્રક્શન સાઈટ્સ સ્થિતિ યથાવત

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

ગાંધીનગરમાં ચારે તરફ કન્સ્ટ્રક્શન સાઈટ્સ ધમધમી રહી છે. ચોમાસાની મોસમમાં કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર મચ્છરોના આશ્રયસ્થાન ન બને તે બાબતે તકેદારી રાખવામાં ઉદાસીનતા જોવા મળે છે. મ્યુનિ.ની આરોગ્ય ટીમ દ્વારા પહેલા વરસાદ સાથ જ કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર પાણીના ભરાવા અને ગંદકી અંગે તપાસ કરવામાં આવે છે. બેદરકારી બદલ સાઈટ્સને નોટિસ ફટકારીને દંડ વસૂલવામાં આવે છે. આમ છતાં કન્સ્ટ્રક્શન સાઈટ્સના સંચાલકો નહીં સુધરતા હોવાનું બહાર આવ્યું છે.



મ્યુનિ.ની આરોગ્ય ટીમ દ્વારા વાવોલ, કુડાસણ તેમજ રાયસણમાં આવેલ વિવિધ બાંધકામ સાઈટની મચ્છર ઉપદ્રવ માટે તપાસ કરવામાં આવી હતી. જેમાં વાવોલમાં આવેલ બાંધકામ સાઈટ સિદ્ધાર્થ હેવન, ધ સ્પેન્ટા સૂરજમાં મચ્છરનું બ્રીડિંગ મળી આવતા બન્નેને રૂ. ૧૦,૦૦૦ અને અલ હયાતને બાંધકામ સાઈટને રૂ. ૫૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. ઉપરાંત રાયસણ ખાતે આવેલ બાંધકામ સાઈટ વિનાયક કોર્ટયાર્ડ તેમજ શિવાય સાઈટને અગાઉ પોરાનાશક કામગીરી કરવાની નોટિસ આપી હોવા છતાં મચ્છરોનું બ્રીડિંગ મળી આવતા તેમને અનુક્રમે રૂ.૧૦,૦૦૦ અને રૂ.૮,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. એક નિર્માણાધીન વોટરપાર્કમાં મચ્છરોનાં પોરા મળી આવતા તેને પણ રૂ. ૫,૦૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

આ દરેક સાઈટ પર આરોગ્ય ટીમની ઉપસ્થિતિમાં રૂબરૂ ઓઈલિંગ/ફોગિંગ કામગીરી કરાવવામાં આવી હતી. પાણીનો ભરાવો અટકાવવા પાણીને વહેવડાવી દેવાની તેમજ ભરેલા પાણીમાં બળેલા ઓઈલનો સપ્તાહમાં બે વાર છંટકાવ કરવાની સૂચના આપવામાં આવી હતી. વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરી નહી કરવામાં આવે તો બાંધકામ સાઈટ્સની વિકાસ પરવાનગી રદ કરવાની ચીમકી પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત આરોગ્યની ટીમ દ્વારા સોર્સ રીડક્શન કામગીરીના ભાગરૂપે વિવિધ વિસ્તારોમાં વરસાદના કારણે ભરાયેલા પાણીના કુંડા, ટાંકા, તૂટેલા વાસણો વગેરે દૂર કરવામાં આવ્યા હતા.

#### કોસ્મેટિકની આડમાં એલોપેથિક દવાઓનું કૌભાંડ

## સુરતમાંથી નકલી એલોપેથિક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ

**વગર પરવાને સુરત ખાતે ફેક્ટરી ચલાવવામાં આવી રહી હતી જેમાં કોસ્મેટિક ની આડમાં એલોપેથિક દવાઓ બનાવતી હોવાનું સામે આવ્યું**

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરતમાંથી નકલી એલોપેથિક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. વગર પરવાને સુરત ખાતે ફેક્ટરી ચલાવવામાં આવી રહી હતી જેમાં કોસ્મેટિકની આડમાં એલોપેથિક દવાઓ બનાવતી હોવાનું સામે આવતા ગાંધીનગરની ખોરાક અને ઔષધી નિયમન તંત્રની ટીમે રેડ કરી દવાનો જથ્થો સીલ કરી અને ૧૪ નમૂના લીધા હતા. સુરત શહેરમાં અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ મળી આવતી હોય છે જેમાં કોઈપણ વસ્તુની આડમાં અન્ય વસ્તુ બનાવતી હોવાનું સામે આવતું હોય છે. સુરતમાં નકલી એલોપેથીક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી ફેક્ટરી ચલાવનારા લોકો પાસે કોઈ પણ પ્રકારનો પરવાનો ના હતો. અને બનાવટી એલોપેથિક દવાનું લેબલ લગાવી ઓનલાઈન વેચાણ કરતા હતા. આ સમગ્ર ઘટના ની બાતમી ગાંધીનગરની ખોરાક અને ઔષધ નિયમન ની ટીમને થતા તાત્કાલિક જ તેમને સુરતમાં ધામાં નાખ્યા હતા અને માંગરોળ તાલુકાના પીપોદરા સ્થિત કહીરા બાયોટેકમાં રેડ કરી હતી ક્યાંથી સરથાણા સ્થિત વીટી સર્કલ પાસે આર જે એન્ટરપ્રાઈઝમાં પણ



રેડ કરાઈ હતી. લિંબાયત ઝોન ની બાજુમાં જ આવેલી આયુસી એન્ટરપ્રાઈઝમાં પણ રેડ કરાઈ હતી જ્યાંથી કોસ્મેટિકના ૧૧ જેટલા નમુના મળી કુલ ૧૪ જેટલા સેમ્પલો લેવામાં આવ્યા હતા અને આ તમામ નમૂના ચકાસણી માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા અને સાથે જ ૩૦ લાખની કિંમતની બનાવટી એ એલોપેથીક દવા અને કોસ્મેટિકનું મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. મહત્વનું છે કે અત્યાર સુધી કોસ્મેટિક ની આડ માં ઓનલાઈન એલોપેથિક દવાઓ મોકલતા હોવાથી આ તમામ અંગે તપાસ પણ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને અત્યાર સુધીમાં કેટલી જગ્યાએ અને કોને કોને આ પ્રકારે ડુપ્લીકેટ માલ મોકલવામાં આવ્યો છે.

#### સૌરાષ્ટ્રના બે ડેમ છલકાતા હાઈ એલર્ટ

## ગુજરાતના ૨૦૬ જળાશયોમાં ૩૨ ટકાથી વધુ જળસંગ્રહ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદને પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૫૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૬૯,૨૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૦.૬૬ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૧,૮૧,૯૪૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૨.૪૮ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. તેમજ જળ સંપતિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮ કલાકના રિપોર્ટ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં વધુ વરસાદ થતા જામનગર જિલ્લાનો વઘાડિયા ડેમ તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ ૧૦૦ ટકા એટલે કે, સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ અપાયું છે.આ સિવાય રાજ્યના પાંચ જળાશયો ૮૦ ટકાથી ૯૦ ટકા છલકાતા એલર્ટ આપવામાં આવ્યુ છે. જેમાં જૂનાગઢના ઓઝત-૨, કચ્છના કાલાગોગા, મોરબીના ઘોડાધરોઈ, રાજકોટના ભાદર-૨ અને સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમને પણ એલર્ટ અપાયું છે. રાજ્યના કુલ પાંચ જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા વોર્નીંગ આપવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લાના ફુલઝર-૧, અને ફુલઝર(કેબી), જૂનાગઢના બાંટવા-ખારો, પોરબંદરના સરન તથા રાજકોટના આજી-૨ ડેમનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ,ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૩૫.૩૧ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૧.૫૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૨.૬૨ ટકા જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૩ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. અહીં ઉલ્લેખનીય છે કે ગત વર્ષે એટલે કે, વર્ષ ૨૦૨૩માં આજના દિવસે ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૪૮.૭૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૨.૦૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૫.૩૯ ટકા જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ નોંધાયો હતો તેમ, જળ સંપતિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

#### નીટ કૌભાંડના મામલે કાર્યવાહી । ૫ આરોપીઓ ગોધરા સબ જેલમાંથી સાબરમતી જેલમાં ખસેડવાની હિલચાલ

## ગોધરામાં ચાર આરોપીના રિમાન્ડ પૂર્ણ થતાં ફરી જેલમાં ધકેલાયા

। (એજન્સી) ગોધરા,તા.૪ ।

ગોધરા સ્થિત જલારામ સ્કૂલના ગોધરા અને થર્મલ ખાતેના નીટ પરીક્ષાના કેન્દ્રોમાં નીટ પરીક્ષા ઊંચા મેરિટ સાથે પાસ કરાવી આપવાના બહાર આવેલા ષડયંત્ર સંદર્ભમાં C.B.I દ્વારા તપાસો હસ્તગત કર્યા બાદ ગોધરા સબ જેલમાં કેદ રહેલા પાંચ આરોપીઓ પૈકી ચાર આરોપીઓના C.B.I દ્વારા ગોધરા સેસન્સ અદાલત માંથી ચાર દિવસો ના ફર્ધર રિમાન્ડ મેળવ્યા હતા.

આ નીટ પરીક્ષા કૌભાંડના ચાર આરોપીઓ તુષાર, ભટ્ટ પુરુષોત્તમ શર્મા, આરીફ વોરા અને વિભોર આનંદ ના આજરોજ રીમાન્ડ પૂર્ણ થતા C.B.I ટીમ દ્વારા આ ચાર આરોપી ઓ ને ગોધરા સેશન્સ અદાલત સમક્ષ હાજર કરવામાં



આવતા પંચમહાલ જિલ્લાના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સી.કે. ચૌહાણ દ્વારા આ ચાર આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાના મહત્વપૂર્ણ કરેલા આદેશ મા આ ગુના ની તપાસ C.B.I હસ્તક હોય આ ચાર આરોપીઓ અને ગોધરા સબ જેલમાં કેદ પરશુરામ રોયને C.B.I કસ્ટડી ના હવાલે કરીને આ કેસ હવે C.B.I સ્પેશિયલ અદાલત સમક્ષ ચાલવાનો હોય આ ગુના સંદર્ભમાં જરૂરી સાધનિક દસ્તાવેજી પુરાવાઓને પણ C.B.I ને સુપ્રત કરવાનો આદેશ ફરમાવ્યો હતો. જો કે C.B.I કસ્ટડીના હવાલે કરાયેલા નીટ પરીક્ષા કૌભાંડ ના પાંચ આરોપીઓને હવે સંભવતઃ અમદાવાદ સ્થિત સાબરમતી જેલમાં ખસેડવામાં આવે એવી શક્યતાઓ દેખાઈ રહી છે.

ગોધરા તાલુકા પોલીસ મથકમાં નીટ પરીક્ષા ઉંચા મેરીટ સાથે લાખ્ખો રૂપિયા ના સોદાઓ મા ઊંચા મેરીટ સાથે પાસ કરાવવાના બહાર આવેલા ષડયંત્ર માં દાખલ કરાયેલા ગુનામા ગોધરાના ડી.વાય. એસ.પી. એન.વી. પટેલ દ્વારા સૌ-પ્રથમ પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી પરંતુ નીટ પરીક્ષા કૌભાંડ સામે દેશવ્યાપી ઉભા થયેલા ભારે વિરોધ વચ્ચે નીટ પરીક્ષા કૌભાંડ ની તપાસ C.B.I ને સુપ્રત કરાઈ હતી આ ગોધરા સ્થિત જય જલારામ સ્કુલના ગોધરા અને થમર્લ નીટ પરીક્ષા કેન્દ્રોમાં ૩૦ પરીક્ષાર્થીઓને ઉંચા માર્ક સાથે પાસ કરાવી આપવાના ગોઠવાયેલા રાજ્ય વ્યાપી ષડયંત્ર માં C.B.I ની ટીમોએ સર્ચ ઓપરેશનો હાથ ધર્યા બાદ જય જલારામ સ્કૂલના સંચાલક દીક્ષિત પટેલની ધરપકડ કર્યા બાદ અમદાવાદ સ્થિત સ્પેશિયલ C.B.I અદાલત સમક્ષ હાજર કરીને ચાર દિવસોના C.B.I કસ્ટડીમાં રિમાન્ડ મેળવ્યા હતા એમાં હવે નીટ પરીક્ષા કૌભાંડ મામલા માં જે પણ કોઈ આરોપીની ધરપકડ કરાશે તો આ તમામને અમદાવાદ સ્થિત સ્પેશિયલ C.B.I અદાલત સમક્ષ હાજર કરાશે.

### ડાકોરમાં 3 મહિના પહેલા લોકાર્પણ કરેલા બ્રિજમાં પડ્યા મસમોટા ગાબડા

। (એજન્સી) ડાકોર, તા.૪ ।

ડાકોરમાં ચોમાસાની શરુઆતમાં બ્રિજની નબળી કામગીરીની પોલ ખૂલી છે. ડાકોરમાં નવા બનાવવામાં આવેલા ત્રિપાંખીયા બ્રિજ ઉપર બ્રિજના જોઈન્ટ પાસે ગાબડું પડતા વાહનચાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો. ગુજરાતમાં મેઘરાજા ધબધબાટી બોલાવી રહ્યાં છે. ત્યારે ચોમાસાની શરુઆતમાં બ્રિજની નબળી કામગીરીની પોલ ખૂલી છે. ડાકોરમાં નવા બનાવવામાં આવેલા ત્રિપાંખીયા બ્રિજ ઉપર બ્રિજના જોઈન્ટ પાસે ગાબડું પડતા વાહનચાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો. ગત ૭ માર્ચે ૨૦૨૪ ના દિવસે બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. કરોડોના ખર્ચે બનેલા બ્રિજ પર પહેલા ચોમાસામાં નબળી કામગીરીની પોલ ખુલી છે.ભ્રષ્ટાચારી અધિકારીઓ અને કોન્ટ્રાકટરની બેદરકારીની સામે આવી છે.આ તરફ માર્ચમાં ઉદઘાટન થયેલા બ્રિજમાં ગબડાં પડતા વાહનચાલકોનું કહેવું છે કે ત્રણથી ચાર મહિના પહેલા બનેલ બ્રિજમાં જો ગાબડા પ ડવાનું શરૂ થઈ જાય તો તો ચોક્કસથી આમાં કરોડોનો ભ્રષ્ટાચાર થયો છે.

### વાજતે-ગાજતે અને શોભાયાત્રા સાથે નિજમંદિરે લવાયું મામેરું

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

રથયાત્રાના હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે અમદાવાદના જગન્નાથ મંદિરમાં રથયાત્રાના પગલે તડામાર તૈયારીઓ થઈ રહી છે. આજે અમદાવાદના જગદીશ મંદિરમાં ભગવાનના મામેરુ લવાયું છે. ભવ્ય શોભાયાત્રા સાથે મામેરાને નિજમંદિર લવાયું છે. વાજતે – ગાજતે મંદિરમાં જગન્નાથજીના મામેરાનું આગમન કરવામાં આવ્યું છે. ભક્તો દર્શન કરી શકે તે માટે મામેરુ મંદિરમાં ખુલ્લુ મુકાયું છે. અમાસથી બીજ સુધીની પ્રભુની 'શ્રૃંગાર સામગ્રી'ના ભક્તોને દર્શન થયા છે. મનોહારી પાઘ, વાઘા, આભૂષણોના ભક્તોને દર્શનનો લાભ મળ્યો છે. રથયાત્રાના દિવસે પ્રભુ જગન્નાથજીના પ્રસાદનું આગવું મહત્વ હોય છે. રથયાત્રાના પ્રસાદ માટે મંદિર દ્વારા વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જેમાં ૩૦ હજાર કિલો મગ, ૫૦૦ કિલો જાંબુ પ્રસાદમાં વહેંચવામાં આવશે.ભક્તોને કેરી, કાકડી અને દાડમનો પણ પ્રસાદ આપવામાં આવશે. આ ઉપરાંત ૨ લાખ શ્રદ્ધાળુઓને 'ઉપરણા' પ્રસાદનો લાભ મળશે.

### રાજકોટ અગ્નિકાંડમાં વધુ બે અધિકારીઓ સામે કાર્યવાહી

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

રાજકોટ અગ્નિકાંડમાં તપાસ અને કાર્યવાહીનો ધમધમાટ ચાલી રહ્યો છે. પીડિતોના અને મૃતકોના પરિવારો ન્યાય માંગી રહ્યા છે અને એ તરફ પગલાં ભરતાં તપાસ સમિતિ દ્વારા અધિકારીઓ સહિત આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જીૈએ આ સમગ્ર ઘટના મામલે વધુ બે અધિકારીઓ સામે જવાબદારી નક્કી કરતાં હવે તેઓની વિરુદ્ધ પગલાં લેવામાં આવ્યા છે. રાજકોટ અગ્નિકાંડમાં વધુ બે અધિકારીનો ભોગ લેવાયો હોવાના સમાચાર સામે આવ્યા છે. આ બે અધિકારીઓ છે પીઆઈ વણઝારા અને પીઆઈ ધોળા. આ બંને અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ૨૦૨૧ માં આ બંને પીઆઈ રાજકોટમાં હતા જેના માટે જીૈએ બંનેની જવાબદારી ફિક્સ કરી હતી. ગૃહ વિભાગના રિપોર્ટના આધારે ડીજીપી વિકાસ સહાયે બંનેને સસ્પેન્ડ કર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે.

### સા'ગઠિયા'એ પોતાનો જ ૧૮ કરોડનો ખોલ્યો ખજાનો

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

મનપાના તત્કાલીન ટીપીઓ અને રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી મનસુખ સાગઠિયા પાસેથી અત્યારસુધીમાં ૨૮ કરોડની અપ્રમાણસર મિલકતો મળી આવી છે. એસીબીએ તપાસ શરૂ કરતાં ૨૦૧૨થી ૨૦૨૪ સુધી સાગઠિયાએ તેની દેખીતી આવક કરતાં ભ્રષ્ટ રીતરસમો અપનાવી રૂ.૫૫ કરોડની અપ્રમાણસર મિલકતો એકત્રિત કરતા તેમની સામે ગુનો નોંધાયો હતો. ગઈકાલે ફરી તેની ઓફિસ પર તપાસ કરવામાં આવતા વધુ ૧૮ કરોડની બેનામી સંપત્તિ મળી આવી હતી. જેમાં રોકડ રકમ ગણવા એસીબીએ મશીન મગાવવું પડ્યું હતું. ૧૮ કરોડની મતાની ગણતરી કરવા એસીબીને સાડા ચૌદ કલાક લાગી હતી. સાગઠિયાની ઓફિસ પણ હાઈટેક હતી. જેમાં દરેક દરવાજા અને ડોર સાગઠિયાની ફિંગર પ્રિન્ટ પાસવર્ડથી ખૂલી રહ્યાં હતાં. સાગઠિયાને કોર્ટમાં રજૂ કરવામાં આવતા જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, સાગઠિયા પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાનના સમગ્ર પગારની બચત કરે તો પણ તેઓ ૨૮ કરોડ રૂપિયાની મિલકત વસાવી શકે નહીં. આ કારણે તેની પાસેથી જે મિલકતો મળી આવી છે તે ખરેખર તેની બેનામી ખરીદેલી છે કે આવી મિલકતના તેઓ રખેવાળ છે તેની ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. ઓફિસ તેઓની હાજરીમાં ખોલાવવામાં આવેલ ત્યારે આ ઝવેરાતોનું વજન, મૂલ્યાંકન અને રોકડ રકમની ગણતરી ૧૦ કલાકથી વધુ સમય ચાલી હતી.

## વિશેષ

#### કૃષિ મંત્રીએ એક્ઝીબીશનની મુલાકાત લઇ SOMS એટલે કે, સોલ્યુબલ અને ઓર્ગેનિક ફર્ટીલાઇઝર, માઈક્રોન્યુટ્રીએન્ટ અને સ્ટીમ્યુલન્ટની માહિતી મેળવી

# મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે બે દિવસીય "SOMS એક્ઝીબીશન અને કોન્ફરન્સ"નો શુભારંભ કરાવતા કૃષિ મંત્રી રાઘવજી પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે સોલ્યુબલ ફર્ટીલાઈઝર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન (SFIA) અને ઈન્ફીનિટી એક્સ્પો દ્વારા આયોજિત "SOMS એક્ઝીબીશન અને કોન્ફરન્સ"નો કૃષિ મંત્રી રાઘવજી પટેલે આજે શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કૃષિ મંત્રીએ એક્ઝીબીશનમાં વિવિધ સ્ટોલની મુલાકાત લઈ SOMS એટલે કે, સોલ્યુબલ ફર્ટીલાઈઝર, ઓર્ગેનિક ફર્ટીલાઈઝર, માઈક્રોન્યુટ્રીએન્ટ અને સ્ટીમ્યુલન્ટના વપરાસ અને તેના ફાયદા અંગે ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી.

SOMS એક્ઝીબીશનને ખુલ્લું મૂકતા કૃષિ મંત્રીએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં કૃષિ ઉન્નતી માટે અનેક પ્રયાસો કર્યા છે, તેવી જ રીતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હરહંમેશ ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રયાસરત રહે છે. કોઈપણ પાકને સામાન્ય રીતે ૧૬ પ્રકારના પોષક તત્વોની જરૂરિયાત હોય છે, જેમાંથી પ્રમુખ પોષક ફર્ટીલાઈઝર સરકાર તરફથી સબસીડી સાથે ખેડૂતોને પૂરતી માત્રામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેમ છતાં, કેટલાક પાકોમાં સૂક્ષ્મ તત્વોની કમી રહી જાય છે. સૂક્ષ્મ તત્વ રહિત આવા પાક આહારમાં લેવામાં આવે છે, જે માનવ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનીકારક છે.

તેમણે ઉમેર્યું હતું કે, પાકમાં સૂક્ષ્મ તત્વોની રહેલી આ ખપતને પૂર્ણ કરવામાં SOMS મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મુખ્યમંત્રીના માર્ગદર્શનથી ગુજરાતમાં સૂક્ષ્મ પોષક તત્વની



જરૂરિયાત મુજબ પાંચ ગ્રેડ સુનિશ્ચિત કરીને ખેડૂતોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. રાજ્યમાં કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટે આ તમામ સૂક્ષ્મ પોષક તત્વોને માટીથી છોડ સુધી સારી રીતે પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા જૈવિક, LFOM અને પ્રોમ જેવા બિન-પારંપરિક ફર્ટીલાઈઝર કાર્બન તત્વ વધારવા અનેક યોજનાઓમાં સામેલ કરવામાં આવ્યા છે. મંત્રી પટેલે કહ્યું હતું કે, SOMS ક્ષેત્રના ઉત્પાદકો અને ખેડૂતોના સંયુક્ત પ્રયાસોથી તેમજ સોલ્યુબલ ફર્ટીલાઈઝર, ઓર્ગેનિક ફર્ટીલાઈઝર, માઈક્રોન્યુટ્રીએન્ટ અને સ્ટીમ્યુલન્ટના ઉપયોગથી થોડા જ વર્ષોમાં ખેડૂતોને તેના સારા પરિણામ મળી શકે છે. SOMSના વપરાસથી મહારાષ્ટ્રમાં દ્રાક્ષ અને દાડમ તેમજ ગુજરાતમાં બટાકા, કેળા અને દાડમના પાકને સારા પરિણામો મળ્યા છે. એક્ઝીબીશનમાં ઉપસ્થિત અને SOMSના ઉત્પાદન સાથે જોડાયેલી તમામ કંપનીઓને સોલ્યુબલ ફર્ટીલાઈઝર, ઓર્ગેનિક ફર્ટીલાઈઝર, માઈક્રોન્યુટ્રીએન્ટ અને સ્ટીમ્યુલન્ટના મહત્વ વિશે દેશના દરેક ખેડૂતોને જાગૃત કરવા મંત્રીએ સૌને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં સોલ્યુબલ ફર્ટીલાઈઝર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાજીવ ચક્રવર્તીએ પ્રાસંગિક ઉદબોધન કરતા સોલ્યુબલ ફર્ટીલાઈઝર, ઓર્ગેનિક ફર્ટીલાઈઝર, માઈક્રોન્યુટ્રીએન્ટ અને સ્ટીમ્યુલન્ટની મહત્વતા, જરૂરિયાત, વપરાસ અને તેના ઉપયોગથી થતા ફાયદો અંગે વિગતવાર પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. જ્યારે, SFIAના સેક્રેટરી શ્રી વિનોદ ગોયલે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સોલ્યુબલ ફર્ટીલાઈઝર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન ગુજરાતના અધ્યક્ષ જીતેન્દ્ર ગામી, મહારાષ્ટ્રના અધ્યક્ષ શ્રી બાલાસાહેબ ઠોમ્બરે, એક્ઝીબીશનમાં સહભાગી થયેલી કંપનીના એક્ઝીબીટર્સ, SOMS સાથે જોડાયેલી કંપનીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.





નવી દિલ્હીમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે આસામ રાઈફલ્સના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ પીસી નાયરે મુલાકાત કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### બિહારના સારણમાં પુલ તૂટ્યો, સદનસીબે કોઈ જાનહાનિ નહીં



। (એજન્સી) બિહાર, તા.૪ ।

બિહારમાં છેલ્લા ૧૭ દિવસમાં ૧૨ જેટલા પુલ તૂટી પડ્યા છે. આજે રાજ્યના સારણ જિલ્લામાં વધુ એક બ્રીજ તૂટી પડવાની ઘટના બની છે. આ દુર્ઘટના સાથે સારણ જિલ્લામાં બે દિવસમાં બ્રીજ તૂટવાની આ ત્રીજી દુર્ઘટના બની છે. આ અંગેની માહિતી જિલ્લા મેજિસ્ટ્રેટ અમન સમીરે આપી હતી. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈપણ જાનહાનિ થઈ નહોતી. ઉલ્લેખનીય છે કે ૧૫ વર્ષ પહેલા આ બ્રીજ ગંદાકી નદી પર બાધવામાં આવ્યો હતો. આ બ્રીજ સારન અને સિવાન જિલ્લાને જોડે છે. હાલ આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. સારણમાં ત્રણ પુલમાંથી ગંડક નદી પરના બે પુલ, માંડ એક કિલોમીટરના અંતરે બુધવારે બે કલાકમાં તૂટી પડ્યા હતા. એક પુલ, ૨૦૦૪ માં બાંધવામાં આવ્યો હતો, તે દોઢનાથ મંદિર પાસે હતો. અન્ય એક બ્રિટશરના સમયનો હતો. મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યના તમામ જૂના પુલોના સર્વેક્ષણના આદેશ આપ્યાના એક દિવસ બાદ આ ઘટના બની છે. મુખ્ય પ્રધાને માર્ગ બાંધકામ અને ગ્રામીણ બાંધકામ વિભાગોને પુલની જાળવણીની નીતિઓમાં સુધારો કરવાની હાકલ કરી છે.

### બિહારમાં સતત પુલ ધરાશાયી થવાનો મામલો સુપ્રીમમાં પહોંચ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

બિહારમાં સતત પડી રહેલા પુલને લઈને સુપ્રીમ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં રાજ્યના તમામ પુલોની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. સારણ જિલ્લામાં એક જ દિવસે બે પુલ ધરાશાયી થયા હતા, જેથી છેલ્લા ૧૫ દિવસમાં પુલ ધરાશાયી થવાની આ નવમી ઘટના છે. બંને પુલ ધરાશાયી થવાના કારણે અનેક ગામો વચ્ચેનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. તેની અસર શાળાઓ અને હોસ્પિટલો જેવી આવશ્યક સેવાઓ પર જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, બંને પુલ ગંડકી નદી પર બનાવવામાં આવ્યા હતા. બ્રિટિશ યુગના પુલ પાસે ૨૦૦૪માં બનેલો પુલ ધરાશાયી થયો હતો. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, નદીના કિનારે સફાઈનું કામ ચાલી રહ્યું હતું અને તે પૂર્ણ થયા બાદ નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું, જેના કારણે પુલ તૂટી પડ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી આ અરજીમાં બિહાર સરકારને રાજ્યના તમામ હાલના અને નિર્માણાધીન પુલોનું ઉચ્ચ સ્તરીય સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

### ISRO ચીફના નિવેદન પર જયરામ રમેશનો ટોણો

# અંતરિક્ષમાં જતા પહેલા વડાપ્રધાન મોદી મણિપુરની મુલાકાતે જાય

## વિપક્ષ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા કે મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પૂરતા પગલાં લેવામાં આવ્યા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

હાલમાં જ ઈસરોના વડા એસ સોમનાથે કહ્યું હતું કે જો અમે વડાપ્રધાનને અવકાશમાં મોકલી શકીએ તો અમને ખૂબ ગર્વ થશે. એસ સોમનાથના આ નિવેદન પર કોંગ્રેસે વડાપ્રધાન પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે 'વડાપ્રધાને અંતરિક્ષમાં જતા પહેલા મણિપુરની મુલાકાત લેવી જોઈએ. મીડિયા અહેવાલો અનુસાર, ISROના વડા એસ સોમનાથે કહ્યું



હતું કે જો વડાપ્રધાન મોદી ભારતના પ્રથમ માનવ મિશન ગગનયાન હેઠળ અવકાશમાં જવા માંગે છે તો તે ખૂબ જ ગર્વની વાત હશે. ગગનયાન વર્ષ ૨૦૨૫માં લોન્ચ થવાનું છે. ઈસરોના ચીફને પૂછવામાં આવ્યું કે શું તેઓ ખુશ થશે જો વડાપ્રધાન મોદી ઈસરોના માનવ મિશન હેઠળ અવકાશમાં જવા ઈચ્છે? તેના જવાબમાં એસ સોમનાથે કહ્યું, 'તેઓ આનાથી ખુબ ખુશ હશે, પરંતુ તેમની (પીએમ મોદી) પાસે બીજી ઘણી મહત્વપૂર્ણ જવાબદારીઓ છે. તેમને પૂર્ણ કરવું એ તેમની પ્રથમ પ્રાથમિકતા છે. પરંતુ આ એક એવી ક્ષમતા છે જેને આપણે હાંસલ કરવા માંગીએ છીએ, લોકોને અવકાશમાં એટલી હદે મોકલવાની ક્ષમતા વિકસાવવા માંગીએ છીએ કે તે અત્યંત સલામત બની જાય, અને અમે તેને હાંસલ કરવાની પ્રક્રિયામાં છીએ.

### સ્પીકર ઓમ બિરલાએ શપથ ગ્રહણના નિયમોમાં ફેરફાર કર્યો

# 'સાંસદ હવે જય પેલેસ્ટાઈન, જય હિન્દુ રાષ્ટ્ર' જેવા નારા લગાવી શકશે નહીં

## સ્પીકરે નિયમ ૩૮૯માં સુધારો કર્યો છે, જેના મુજબ હવે કોઈ પણ સાંસદ શપથના ડ્રાફ્ટ સિવાય કંઈ કહી પણ શકશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

તાજેતરમાં ૧૮મી લોકસભામાં ચૂંટાયેલા કેટલાક સાંસદોએ શપથ લેતી વખતે 'જય પેલેસ્ટાઈન', 'જય હિન્દુ રાષ્ટ્ર' જેવા નારા લગાવ્યા હોવાના વિવાદને પગલે, શપથ ગ્રહણ પ્રક્રિયા અંગે એક મહત્વપૂર્ણ સુધારો રજૂ કરવામાં આવ્યો છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ગૃહના કામકાજને લગતી કેટલીક બાબતોનું નિયમન કરવા માટે 'ઈન્સ્ટ્રક્શન્સ ટુ ધ સ્પીકર'માં 'સૂચનો-૧'માં એક નવો વિભાગ ઉમેર્યો છે, જે અગાઉ નિયમોનો ભાગ ન હતો. સ્પીકરે



નિયમ ૩૮૯માં સુધારો કર્યો છે, જે મુજબ હવે કોઈપણ સાંસદ શપથના ડ્રાફ્ટ સિવાય કંઈ કહી શકશે નહીં. કોઈ અન્ય કોઈ ટિપ્પણી અથવા સૂત્રોચ્ચાર કરી શકશે નહીં. જો કોઈ સભ્ય શપથના ફોર્મેટથી અલગ એક પણ શબ્દ બોલે તો લોકસભાના અધ્યક્ષ તેમની સામે પગલાં લેવાનો અધિકાર અનામત રાખશે. લોકસભામાં કાર્યપ્રણાલી અને કારોબારના નિયમોના નિયમ ૩૮૯ અનુસાર, અધ્યક્ષે સૂચનાઓમાં નીચેનો સુધારો કર્યો છે. નવા નિયમ મુજબ, 'સંસદના સભ્યો ભારતના બંધારણની ત્રીજી અનુસૂચિમાં નિર્ધારિત શપથના ફોર્મેટ અનુસાર શપથ અથવા પ્રતિજ્ઞા પર હસ્તાક્ષર કરશે અને હસ્તાક્ષર કરશે. આ સિવાય શપથ લેતી વખતે તેઓ કોઈપણ શબ્દ કે અભિવ્યક્તિનો ઉપયોગ કરશે નહીં કે કોઈ ટિપ્પણી કરશે નહીં.




આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ નવી દિલ્હીમાં કૃષિ ભવન ખાતે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મળ્યા. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુ અને ગ્રામીણ વિકાસ અને સંચાર રાજ્યમંત્રી ડૉ. ચંદ્ર શેખર પેમ્માસાની પણ હાજર હતા.

### રોડ-બ્રિજ ધરાશાયી, હોસ્પિટલમાં પણ પાણી ભરાઈ ગયા...

# ચોમાસાનો ઉગ્ર સ્વરૂપે બિહાર, હિમાચલ અને ગુજરાતમાં હાહાકાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતના અનેક રાજ્યોમાં ચોમાસાનું વિકરાળ સ્વરૂપ દેખાવા લાગ્યું છે. ભારે વરસાદને કારણે કેટલીક જગ્યાએ રસ્તાઓ ધોવાઈ રહ્યા છે અને એક પછી એક પુલ તૂટી રહ્યા છે. સર્વત્ર પાણી ભરાઈ ગયા છે અને સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બિહાર-હિમાચલ પ્રદેશથી લઈને ગુજરાત સુધી તબાહીનું દ્રશ્ય દેખાઈ રહ્યું છે.ગુજરાતના જૂનાગઢમાં ૧લી જુલાઈના રોજ પડેલા ભારે વરસાદને કારણે માંગરોળ અને કેશોદના ૧૦૭ ગામડાંઓ વિક્ષેપિત થયા હતા. હાલમાં વરસાદ બંધ થયો છે છતાં અહીં ઘૂંટણ ઊંડે પાણી છે. વાસ્તવમાં, ઓઝહત નદીનું પાણી સમગ્ર વિસ્તારમાં ફેલાય છે, જેનાથી એવું લાગે છે કે જાણે સમુદ્ર જ અહીં પહોંચી ગયો છે. સુરતના બલેશ્વર ગામની હાલત પણ દયનીય છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી અહીં જળબંબાકારના કારણે આજુબાજુનું ગામ દરિયામાં ટાપુ જેવું લાગે છે.ગ્રામજનો કહે છે કે ખાડીમાં દર વર્ષે વરસાદી પાણી ભરાય છે તેમ છતાં પલસાણા વિસ્તારમાં ઔદ્યોગિક એકમોએ ખાડી વચ્ચે દિવાલ બનાવી છે, જેના કારણે ખાડીનો પ્રવાહ ઓછો થયો છે અને ખાડીમાં આવતું પાણી ઝડપથી બહાર નીકળી શકતું નથી. થતો હતો. ગામની આ હાલત માટે ઉદ્યોગપતિઓ જવાબદાર છે. ગામના કેટલાક લોકો તેમના ઘરની ચારે બાજુ પાણી ભરાઈને રહેવા મજબૂર છે. તે મકાનોમાં રહેતા વૃદ્ધોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઘરોમાં રહેતા યુવાનો ઘરોમાં જ રહે છે અને જરૂર પડે ત્યારે પાણીમાંથી પસાર થાય છે.આ સાથે જ સુરત શહેરથી બારડોલી તરફ જતા હાઈવે પર દાસ્તાન રેલ્વે ક્રોસિંગ પર છેલ્લા ૧૦ વર્ષમાં સરકાર દ્વારા ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો હતો. તે ઓવરબ્રિજનું ઉદ્ઘાટન ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા જ કરવામાં આવ્યું હતું. ઓવરબ્રીજ પરનો રોડ એક જગ્યાએ ખાડા પડી ગયાને હજુ થોડા મહિનાઓ જ થયા છે અને રોડ પર તિરાડો જોવા મળી રહી છે જે સ્પષ્ટ દર્શાવે છે કે બ્રિજના બાંધકામમાં કોન્ટ્રાક્ટર દ્વારા ક્યાંક ને ક્યાંક ભ્રષ્ટાચાર થયો છે.સુરતના સણીયા હેમાડ ગામમાં આવેલ ખોડિયાર માતાનું મંદિર પણ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. ગામમાં પ્લેટફોર્મ પર બેસવાની જગ્યા પણ પાણીથી ભરાઈ ગઈ છે. સાણીયા હેમદ ગામમાં વરસાદી પાણીના કારણે દર વર્ષે આ પ્રકારની સમસ્યા સર્જાય છે પરંતુ વહીવટીતંત્ર આ સમસ્યાના નિરાકરણ માટે ક્યારેય કંઈ ઓછું કરતું નથી.

### ૨૦ વર્ષ બાદ જન્મ્યો હતો દીકરો

# ઉત્તર પ્રદેશના હાથરસમાં દુર્ઘટનામાં દીકરાને ગુમાવેલ પિતાની વ્યથા

। (એજન્સી) હાથરસ, તા.૪ ।

ઉત્તર પ્રદેશના હાથરસમાં બાબા ભોલેના સત્સંગમાં મચેલી નાસભાગમાં અનેક પરિવારો ઉજડી ગયા છે. આ ઘટનામાં દરરોજ પોતાના પરિવારના સભ્યને ગુમાવનારા લોકોની કરુણ કહાની સામે આવી રહી છે. હવે આવી જ એક કહાની કિશોરી લાલની છે, જેમની પાસે પરિવાર કહેવા માટે હવે કંઈ પણ નથી બચ્યું. પરિસ્થિતિ એવી આવી ગઈ છે કે તેઓ પોતાનું મૃત્યુ ન પર પણ અફસોસ વ્યક્ત કરી રહ્યો છે. મંગળવારે સૂરજ પાલ ઉર્ફે ભોલે બાબા ઉર્ફે નારાયણ સાકર



હરિના સત્સંગમાં નાસભાગ મચી ગઈ હતી. આ નાસભાગમાં ૧૨૧ લોકોના મોત થઈ જતા સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. ૪૮ વર્ષીય કિશોરી લાલ પશ્ચિમ ઉત્તર પ્રદેશના બદાયૂં જિલ્લાના બિસૌલી ગામના રહેવાસી છે. આ ઘટનામાં તેમની ૪૨ વર્ષની પત્ની અને માત્ર ૪ વર્ષના પુત્રનું કરૂણ મોત નીપજ્યું હતું.

### હાજર અધિકારીઓએ પાઠવ્યા અભિનંદન

# અમરનાથ યાત્રામાં તૈનાત રહેલા સુપરવાઈઝરે ફોન પર કર્યા લગ્ન

। (એજન્સી) અમરનાથ, તા.૪ ।

અમરનાથજીની યાત્રા માટે પહેલ ગામના નુનવાન બેઝકેમ્પમાં ફરજ બજાવતા સુપરવાઈઝર ફૈઝલ અહેમદે સમર્પણનું અનોખુ પ્રદર્શન કર્યું છે. જાણકારી પ્રમાણે ફૈઝલે વર્ચ્યુઅલ રીતે લગ્ન કર્યા હતા, જેથી કરીને તે બેઝકેમ્પ માં પોતાની જવાબદારીઓ નિભાવી શકે. આ પ્રસંગે ગ્રામીણ વિકાસ વિભાગ અને સેવા પ્રદાતાઓના કાર્યકરોએ ગ્રામીણ સ્વચ્છતા અંતર્ગત એક નાનું આયોજન પણ કર્યું હતું. દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના ઝૈનાપોરાનો રહેવાસી



ફૈઝલ અહેમદે કેમ્પમાં રહીને પોતાનું કામ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. એક અધિકારીએ વાત કરતાં જણાવ્યું હતું કે, આ પ્રંસગે ડઝનેક લોકો હાજર રહ્યા હતા. અને તેમના માટે મિઠાઈ અને ચા- બિસ્કિટની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું હતું.

# ધનબાદમાંથી ધરપકડ કરાયેલ અમન સિંહની શું ભૂમિકા છે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

NEET પેપર લીકનો મુદ્દો છેલ્લા ઘણા દિવસોથી હેડલાઈન્સમાં છે અને તપાસમાં નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. આ કેસની તપાસ કરી રહેલી એજન્સી CBIને વધુ એક સફળતા મળી છે. સંજીવ મુખિયાના નજીકના ચિન્ટુ અને મુકેશ પાસેથી માહિતી મળ્યા બાદ સીબીઆઈએ આરોપી અમન સિંહની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. અમનની ઝારખંડના ધનબાદથી ધરપકડ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અમન સિંહ પેપર લીક




કેસમાં ફરાર રોકીનો ખૂબ જ નજીક છે અને રોકી રાંચીમાં હોટલ બિઝનેસ સાથે સંકળાયેલા સંજીવ મુખિયાનો ભત્રીજો છે. NEET પેપર લીક થયા પછી, રોકીએ તેના જવાબો તૈયાર કરવા માટે સોલ્વરોનું આયોજન કર્યું હતું. રોકી ઝારખંડમાં સંજીવ મુખિયા ગેંગની ખાસ સંપત્તિ છે. રાંચી અને પટનાના એમબીબીએસ વિદ્યાર્થીઓને સોલ્વર તરીકે ઉપયોગમાં લેવાતા હતા. મળતી માહિતી મુજબ અમન સિંહની ધરપકડથી રોકી અને સોલ્વર્સ વિશે મહત્વની માહિતી મળી શકે છે. આ સિવાય સીબીઆઈ અમન સિંહની સંજીવ મુખિયાના હાલના લોકેશન વિશે પૂછપરછ કરશે. તેને પૂછપરછ માટે પટના લાવવામાં આવી શકે છે. તમને જણાવી દઈએ કે આ કેસમાં સીબીઆઈ દ્વારા લેવામાં આવેલા આરોપીઓના રિમાન્ડની મુદત આજે ૪ જુલાઈએ પૂરી થઈ રહી છે. NEET પેપર લીક કેસ, પરીક્ષા રદ કરવાની માંગ અને અનિયમિતતા વગેરે સંબંધિત અરજીઓની સુનાવણી ૮મી જુલાઈએ સુપ્રીમ કોર્ટમાં થવાની છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની વિનંતી બાદ સુપ્રીમ કોર્ટ NEET કેસની તમામ અરજીઓને એકસાથે જોડીને આગળનો રસ્તો નક્કી કરશે. દેશના લાખો NEET ઉમેદવારો, માતા-પિતા અને કોચિંગ શિક્ષકોની નજર આ સુનાવણી પર છે.

## તંત્રી લેખ...

# ન્યાય વ્યવસ્થાને પ્રભાવી બનાવવા માટે ત્રણ નવા અપરાધિક કાયદા

અંગ્રેજોના જમાનાની અપરાધિક ન્યાય પ્રણાલીમાં આમૂલ પરિવર્તન કરવા અને ન્યાય વ્યવસ્થાને પ્રભાવી બનાવવા માટે ત્રણ નવા અપરાધિક કાયદા પર અમલની તૈયારી વચ્ચે વિરોધના સ્વર ઉભરે તો આશ્ચર્ય નહીં. આપણા દેશમાં હંમેશાં એવું જ થાય છે. છેલ્લા કેટલાક સમયથી એવું કંઈક વધુ જ થવા લાગ્યું છે. સુધારના દરેક પગલાનો વિરોધ કરવામાં આવે છે. કેટલીય વાર તો એ પગલાના ગુણદોષને ધ્યાનમાં લીધા વિના જ વિરોધ કરવામાં આવે છે. આવું વિરોધ ખાતર વિરોધની રાજનીતિ અંતર્ગત કરવામાં આવે છે. એના પર આશ્ચર્ય નહીં કે જ્યાં બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પહેલી જુલાઈથી લાગુ થયેલા નવા અપરાધિક કાયદાઓ વિરુદ્ઘ વડાપ્રધાનને પત્ર લખી દીધો છે, ત્યાં જ તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને પણ વાંધો નોંધાવ્યો છે. વિપ-ની દળોના કેટલાક બીજા નેતાઓએ પણ આ નવા અપરાધિક કાયદાઓ લાગુ કરવાનો વિરોધ કરવાનું શરૂ કરી દીધું છે. કેટલાક લોકો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચી ગયા છે. વિરોધ માટે તે ચવાયેલી દલીલો કરી રહ્યા છે, જેમ કે આ નવા કાયદા લાગુ કરતાં પહેલાં પૂરતી તૈયારી નથી કરવામાં આવી. સ્પષ્ટ છે કે આ દલીલ કરનારા જાણીજોઈને એની અવગણના કરી રહ્યા છે કે આ કાયદાઓને રાષ્ટ્રપતિની સ્વીકૃતિ મળ્યા બાદથી લાખો પોલીસકર્મીઓ સતત જેલ, ફોરેન્સિક, ન્યાયિક અને અભિયોજન અધિકારીઓને પ્રશિ-િત કરી ચૂકાયા છે. તે ઉપરાંત અન્ય જરૂરી પગલાં પણ ભરવામાં આવ્યાં છે. એનો ઈનકાર નહીં કે ત્રણેય નવા અપરાધિક કાયદા લાગુ કરવાના ક્રમમાં અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે, પરંતુ એવું તો દરેક નવી વ્યવસ્થા પર અમલ કરતી વખતે થાય છે. જેટલો મોટો બદલાવ થાય છે, પડકારો પણ એટલા જ વધુ હોય છે, પરંતુ તેનો એ અર્થ નહીં કે પડકારોથી બચવા માટે જરીપુરાણી અને કષ્ટદાયક વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે. કોઈપણ તેની અવગણના ન કરી શકે કે અંગ્રેજી સત્તા દ્વારા બનાવવામાં આવેલ અપરાધિક કાયદા ન્યાય આપવામાં સહાયક નથી બની રહ્યા. નાના-નાના કેસોમાં પણ ન્યાય મેળવવામાં જરૂર કરતાં વધુ વિલંબ અને સંસાધનોનો વપરાશ થાય છે. નવા અપરાધિક કાયદાઓ લાગુ કરવામાં જે પડકારોનો સામનો કરવો પડી શકે છે, તેમાંથી કેટલાકનું તો અનુમાન જ લગાવાય છે, પરંતુ કેટલાક એવા પડકારો પણ સામે આવી શકે છે, જેન વિશે હજુ કોઈને આભાસ ન હોય. એવામાં સરકારે જરૂરી પરિવર્તન અને સંશોધન કરવા માટે તત્પર રહેવું જોઈે, જેથી લોકોને સમય પર સુગમ રીતે ન્યાય મળી શકે.

## આજકાલ લોકો વ્યક્તિગત જિંદગીના પરિતાપને અંધશ્રદ્ધા પર ઉતારી દેવા ચાહે છે

આપણા દેશમાં લગભગ તમામ ધર્મમાં સામુદાયિક શિસ્તના સંસ્કારોની ક્યારેક એવી ઘટ વરતાય છે કે એમાં અનેક લોકોએ જિંદગીથી હાથ ધોઈ નાખવા પડે છે. આજકાલ લોકો વ્યક્તિગત જિંદગીના પરિતાપને અંધશ્રદ્ધા પર ઉતારી દેવા ચાહે છે. ક્યારેક ભારત મધ્યયુગ અને અર્વાચીન યુગના સંયુક્ત સ્વરૂપ જેવું દિસે છે. આ આપણા આજના સમાજ જીવનની અક્ષમ્ય કરૂણતાઓ છે. દેશમાં હજુ પણ લોકો ગમે તેને પોતાનો ઉદ્ધારક માનીને પાછળ પાછળ દોડવા લાગે છે. એમ કરતી વેળાએ તેઓ જે બુદ્ધિના બારણાં બંધ કરી દે છે ત્યાંથી આપત્તિનો આરંભ થાય છે. ધર્મતત્ત્વ તો પૃથ્વી પરનું પરમ આનંદદાયક અને અમૃતમય સંવિધાન છે, જો એને ભીતરથી આત્મસાત્ કરવામાં આવે તો. બાહ્યાચાર ક્યારેક ભક્તને ઠેબે ચડાવે છે. હાથરસ નજીકની તાજેતરની ઘટના એનો એક વધારાનો નમૂનો છે. કોઈ પણ ઈવેન્ટના આયોજકો તે ભીડને ગોઠવવા પર જેટલો ભાર મૂકે છે તેના એક અંશ પૂરતો પણ ભીડને કાબૂમાં કરવા પર ધ્યાન કેમ આપતા નથી તે આપણા દેશની સર્વકાલીન સમસ્યા છે. ઘણી વખત ધામક ઉત્સવો, મેળા, સત્સંગ, યજ્ઞા વગેરેના આયોજનમાં પ્રણાલિગત ખામીઓને કારણે નાસભાગ, ધક્કામુક્કી, મંડપ તૂટી પડવા વગેરેને કારણે લોકોનાં અકારણ મોતના બનાવો બને છે. આનાં અનેક ઉદાહરણો છે, પરંતુ કદાચ તેમાંથી કોઈને બોધપાઠ શીખવાની જરૂર જણાતી નથી અને પછી નવા અકસ્માતો થાય છે. ઉત્તરપ્રદેશના હાથરસમાં બનેલી દુર્ઘટના આનું તાજેતરનું ઉદાહરણ છે. મહિનાના પહેલા મંગળવારે ત્યાં ત્રણ કલાકના સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિવિધ રાજ્યોમાંથી ભક્તો આવ્યા હતા. લગભગ એક લાખ લોકોની ભીડ એકઠી થઈ હોવાનું કહેવાય છે. દેશમાં અનેકવાર શ્રદ્ધા એટલી પરાકાષ્ઠાએ પહોંચી જાય છે કે પછી એ ક્યારે અંધશ્રદ્ધામાં રૂપ ાંતરિત થઈ જાય છે એનું ભાન જ રહેતું નથી. સત્સંગની સમાપ્તિ પછી અચાનક નાસભાગ મચી ગઈ હતી અને ૧૨૧ જેટલા લોકો કચડાઈને મૃત્યુ પામ્યા હતા અને ૨૦૦થી વધુ ઘાયલ થયા હતા. સત્સંગ સમાપ્ત થયા બાદ જ્યારે મુખ્ય મહાત્માનો કાફલો ત્યાંથી રવાના થયો ત્યારે ભીડને બળજબરીથી રોકી દેવામાં આવી હતી. ભારે ગરમી અને ભેજના કારણે અનેક લોકો બેભાન થઈ ગયા હતા જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. જોકે, અકસ્માતની તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને ત્યાર બાદ જ સાચું કારણ જાણી શકાશે. નિઃશંકપણે આયોજકોને આટલા મોટા કાર્યક્રમમાં ભેગી થનારી ભીડનો અંદાજ હશે જ. આ કાળઝાળ ગરમીમાં એક જગ્યાએ એકઠા થયેલા હજારો લોકોનું શું થશે તેનો તેને ખ્યાલ હશે.પરંતુ તેમ છતાં લોકો માટે છાંયડો, હવા અને પાણીની યોગ્ય વ્યવસ્થા કેમ કરવામાં આવી નહીં? આવા કાર્યક્રમોમાં આયોજકો પોતે જ વ્યવસ્થાની જવાબદારી લે છે. તેઓ તેમના સ્વયંસેવકો દ્વારા સ્થળ પર લોકોના પ્રવેશ અને બહાર નીકળવાની વ્યવસ્થા કરે છે. છેલ્લાં ૧૦ વર્ષથી દેશના વિવિધ ભાગોમાં આ સત્સંગનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેથી, તેના આયોજકો અને સ્વયંસેવકોમાં અનુભવનો અભાવ ગણી શકાય નહીં. તો પછી તેમને આવા અકસ્માતનો ખ્યાલ કેવી રીતે ન આવ્યો. જો ભીડ મુખ્ય મહાત્માની નજીક જવા અથવા તેમના કાફલા પાછળ જવા માટે ઉત્સુક હોય, તો દેખીતી રીતે, જો બંનેના માર્ગો અલગથી નક્કી ન થયા હોય તો જ આ બન્યું હોય. પ્રશ્ન એ પણ છે કે સ્થાનિક વહીવટીતંત્રે વ્યવસ્થાની તપાસ કર્યા વિના આ કાર્યક્રમની પરવાનગી કેવી રીતે આપી? આવા અકસ્માતો માત્ર ધાર્મિક કાર્યક્રમોમાં જ નહીં, પરંતુ રાજકીય રેલીઓ, વિવિધ મેળાઓ, સાંસ્કૃતિક ઉત્સવો વગેરેમાં પણ બન્યા છે. ખાનગી કે જાહેર પ્રયાસોથી આયોજિત આવા વિશાળ કાર્યક્રમોને સંભાળવા માટે સ્થાનિક સ્તરે પોલીસ દળ પૂરું પાડવું એ અઘરું કામ છે એ વાત સાચી, પરંતુ વહીવટીતંત્રની જવાબદારી આ તર્ક પર પૂર્ણ થતી નથી.

**કવિ પોતાના સાથી મિત્રને કહે છે કે તું સાથે રહેવાનો વાયદો કરે તો હું આજ રીતે સમય લૂટાવતો રહીશ**

# આકાશ ધરતીનાં મિલનની આ ઋતુમાં, તુમ અગર સાથ દેને કા વાદા કરો! એ ગીતના ભાવ આલીખીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પ્રેમના કેટલાય ભાવ છે, અને સંબંધ પ્રમાણે એની અભિવ્યક્તિ પણ અલગ અલગ હોય છે, જોકે આજકાલ શારિરીક ચેષ્ઠા ઓને જ પ્રેમનું નામ અપાય છે, બાકી પ્રેમની લાગણી મળે તો જીવનમાં કેટલાય રંગ રાગના પુષ્પ ખીલે, અને ન મળે તો નફરતની આંધી કેટલાય ખરાબ કામ કરાવે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણાં ભારતીય મનીષીઓના કહેવા મુજબ ચોમાસુ એટલે આકાશને ધરતીના મિલનનો સમય, ચોમાસુ એટલે પ્રેમનાં વિરહમાં તપ્ત થયેલી ધરતીને ઠંડક આપવા માટે આકાશ પ્રેમાધારે વરસે છે. બંનેના પ્રેમની અવધિનો સમય! અને એટલે જ આપણી અંદર પડેલ પૃથ્વી તત્વ અને આકાશ તત્વ પણ પ્રેમાતુર બને છે. ટૂંકમાં વરસતા વરસાદ ને જોઈને સૌ કોઈને પોતાના સાથીની કમી ખલે છે, અને એ પોતાના આ ભાવને જુદી જુદી રીતે વ્યક્ત કરે છે,કે જતાવે છે. આકાશ પોતાના પ્રેમનાં ભાવને જતાવવા અનરાધાર વરસે છે, એ એક પ્રેમ ગીત છે,એક સૂરીલુ સંગીત છે! ખળખળ વહેતી નદીઓનાં નાદ અને સૂસવાટા બોલાવતા પવનનો ધ્વનિ આ બધું જ એક પરમ પ્રેમને કારણે પ્રકૃતિ તરફથી વ્યક્ત થતી અભિવ્યક્તિ છે. માનવીને સ્થૂળ શરીરને ટકાવી રાખવા જેમ આહારની જરૂર છે, બસ એ જ રીતે એને પ્રેમની પણ અત્યંત જરુરિયાત છે! પ્રેમ એક એવી સંજીવની છે કે જે બાકીની બધી અધૂરપ ને પૂરી કરી દે છે, અને જીવન ખુશખુશાલ બને છે. પ્રેમના કેટલાય ભાવ છે, અને સંબંધ પ્રમાણે એની અભિવ્યક્તિ પણ અલગ અલગ હોય છે. જોકે આજકાલ શારિરીક ચેષ્ઠા ઓને જ પ્રેમનું નામ અપાય છે, બાકી પ્રેમની લાગણી મળે તો જીવનમાં કેટલાય રંગ રાગના પુષ્પ ખીલે, અને ન મળે તો નફરતની આંધી કેટલાય ખરાબ કામ કરાવે. માનવી એક સામાજિક પ્રાણી હોવાથી એને અન્યના જીવન વિશે જાણવાની ઉત્સુકતા રહે છે, અને એટલે આપણી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી આવી ફિલ્મો બનાવી રુપિયા કમાઈ શકે છે. પણ પ્રેમ એટલે પ્રેમ એનો કોઈ પર્યાય નથી કે વિકલ્પ પણ નથી હાં એની નીવ મૈત્રીનો ભાવ છે. તો આવો ઋતુ અનુસાર તરાને કી તર્જ માં એક પ્રેમગીત...

**તુમ અગર સાથ દેને કા વાદા કરો,**
**મૈં યૂઁહી મસ્ત નગ્મે લુટાતા રહૂઁ,**
**તુમ મુઝે દેખકર મુસ્કુરાતી રહો,**
**મૈં તુમ્હેં દેખકર ગીત ગાતા રહૂઁ,**
**તુમ અગર...**

કવિ પોતાના સાથી મિત્રને કહે છે કે તું સાથે રહેવાનો વાયદો કરે તો હું આજ રીતે સમય લૂટાવતો રહીશ. તું મને જોઈને હસતી રહીશ તો હું તને જોઈને ગીત ગાતો રહીશ.

**કિતને જલવે ફિઝાઓં મેં બિખરે મગર,**
**મૈને અબતક કિસીકો પુકરા નહીં,**
**તુમકો દેખા તો નજરેં યે કહને લગીં,**
**હમકો ચેહરે સે હટના ગવારા નહીં,**
**તુમ અગર મેરી નજરોં કે આગે રહો,**
**મૈં હર એક શહ સે નજરેં ચુરાતા રહૂઁ, તુમ અગર...**

કવિ કહે છે કે આ દુનિયામાં બીજા કેટલાય હસીન ચહેરાઓ એ મારી આસપાસ જલવા વિખેર્યા પણ મેં એ કોઈમાં ધ્યાન દીધું નથી કે એ લોકોને બોલાવ્યા નથી. જ્યારથી તને જોઈ છે ત્યારથી મારી નજર કહે છે કે હું અહીંથી હટીશ નહીં. બસ તું મારી નજરની સામે રહે તો હું તારી પર પડતી બધાની નજર ને ચૂરાવી લઈશ!

**મૈને ખ્વાબોં મેં બરસોં તરાશા જિસે,**
**તુમ વહી સંગ-એ-મરમર કી તસ્વીર હો,**
**તુમ ન સમઝો તુમ્હારા મુકદ્દર હૂઁ મૈં,**
**મૈં સમઝતા હૂઁ તુમ મેરી તકદીર હો,**
**તુમ અગર મુઝકો અપના સમઝને લગો,**
**મૈં બહારોં કી મહેફિલ સજાતા રહૂઁ,**
**તુમ અગર...**

કવિ પોતાની સાથી મિત્રનેં એકદમ પ્રેમનાં ઉત્કૃષ્ટ ભાવમાં આવી કહે છે કે જેને વર્ષોથી સ્વપ્નમાં હું જોતો આવ્યો છું, જેને મેં કંડારી છે, એ જ સંગે મરમર,કે આરસની તું તસવીર છે. તું મને જોઈને એવું ક્યારેય સમજતી નહીં કે હું તારું નસીબ છું! પણ તું મારું ભાગ્ય છે. મારી જેમ તું પણ મને પોતાનો સમજવા લાગીશ, તો હું તારી આસપાસ બહાર એટલે કે ખુશનુમા વાતાવરણની મહેફિલ સજાવીશ

**મૈં અકેલા બહુત દેર ચલતા રહા,**
**અબ સફર જીન્દગાની કા કટતા નહીં,**
**જબ તલક કોઈ રંગીં સહારા ના હો,**
**વક્ત કાફિર જવાની કા કટતા નહીં,**
**તુમ અગર હમકદમ બનકે ચલતી રહો,**
**મૈં જમીં પર સિતારે બિછાતા રહૂં,**
**તુમ અગર સાથ દેને કા વાદા કરો**

હું એકલો બહુ ચાલ્યો, હવે જીંદગીની આ સફર માં એકલતા મને ખાય છે, અને સમય જતો નથી. જ્યાં સુધી કોઈ રંગીન કે હસીન સહારો ન મળે ત્યાં સુધી આ જુવાની નો સમય દુશ્મન બની બગાવત કરે છે. તું મારી સાથે કદમ થી કદમ મિલાવી ને ચાલતી રહે તો હું જમીન પર તારાઓ પાથરતો રહીશ, તું અગર સાથ દેવાનો વાયદો કરે તો... ૧૯૬૭માં બનેલી હમણાં જ ફિલ્મનું આ ગીત છે આ ગીતના શબ્દો સાહિર લ્યુધયાનવી સાહેબના છે, સંગીત રવિ જૈન નું છે અને ગાયક કલાકાર મહેન્દ્ર કપૂર છે. સુનીલ દત્ત અને વીમી એ ગીતમાં અભિનય કર્યો છે. દર વખતની જેમ આ વખતે પણ આ ફિલ્મ મેં જોઈ નથી પણ પ્રેમી પોતાની પ્રેમિકા આગળ પોતાના પ્રેમનો એકરાર કરે છે અને એના મનનાં ભાવ ને અભિવ્યક્તિ કરતું આ ગીત છે. ગીત ઘણીવાર સાંભળ્યું છે, અને એનાં શબ્દો ગમે પણ છે. ધરતી આકાશ કહો, પ્રકૃતિ પુરુષ કહો, કે ઈવ આદમ કહો!: એનું પ્રત્યક્ષ સ્વરૂપ જો કોઈ હોય તો એ સ્ત્રી અને પુરુષ કે નર અને નારી છે, અને એના મિલનને કારણે જ મનુષ્ય સૃષ્ટિ નું સર્જન થયું!: એટલે ઋતુ પ્રેમનો પોકાર કરી રહી છે,પણ ટીનેજર માટે આ ઋતુ બહુ જોખમ કારક પણ છે, ઘણીવાર માત્ર વિજાતીય આકર્ષણ ને પ્રેમનું નામ આપીને ટીનેજર ન કરવાનું કરી બેસે! ઉપરથી તેઓ આજકાલ ભણવા માટે કલાકો સુધી બહાર રહેતા હોય, અને દરેક મિડિયા પરથી પ્રસારિત થતી બિભત્સ પોસ્ટ અને જાતિય ચેનચાળા કરતી ફિલ્મો ના ટ્રેલર, એટલે પગ લપસવાની પૂરેપૂરી સંભાવના! પણ જેમ ધરતી અને આકાશ નું મિલન એક ક્ષિતિજ એ પહોંચ્યા પહેલા થતું નથી! એમ આ ભાવ માટે પણ એક નિશ્ચિત ઉંમર નક્કી કરેલી છે. પ્રેમ પરિપક્વ બને પછી જ મિલનની ઝંખના કરવી જોઈએ એવું આપણાં સમાજ શાસ્ત્રી ઓને લાગ્યું હશે, એટલે જ લગ્ન માટે ઉંમરનો કાયદો આવ્યો! નહીં તો પહેલાં બાલ વિવાહ થતાં હતાં. ટીનેજર એ આ ઋતુમાં નિર્દોષ મસ્તીમાં પસાર કરી, ઉંમરનાં એ મોડની પ્રતિક્ષા કરવી જોઈએ, જેથી કરીને યોગ્ય સમયે સાચાં પ્રેમનાં ભાવને અંતરમાં અનુભવી શકે. બાકી તો પ્રેમથી ભક્તિ દ્વારા પરમ પ્રેમ સુધી પહોંચવું એ જ મનુષ્ય જીવનનું સાચું લક્ષ્ય છે, એ આપણે સૌ યાદ રાખી એ તરફ ડગલાં ભરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભક્તિમાં સંતોષ માને એ પ્રભુના માર્ગમાં આગળ વધી શકતો નથી, ભક્તિ એવી કરો કે, ભગવાનને તમારું સ્મરણ થાય**

# ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે, મન શુદ્ધિ વગર ઈશ્વરદર્શન થતું નથી, ઈશ્વરદર્શન વિના જીવન સફળ થતું નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભક્તિમાર્ગ એક જ કારણથી શ્રેષ્ઠ છે કે, જ્યાં સુધી પરમાત્માનું પ્રત્યક્ષ મિલન ન થાય ત્યાં સુધી ભક્ત એમ જ માને છે કે, પરમાત્માનું મિલન થતું નથી તેમાં મારો જ દોષ છે, ભક્તિમાં દૈન્ય આવે છે, જ્ઞાનમાર્ગમાં યોગી બ્રહ્મ રૂપ થવા લાગે છે અને ત્યારે કેટલાકમાં અભિમાન આવે છે અને તે પડે છે, આશ્રમમાં આવી વિદુરજી મૈત્રેય જીને સાષ્ટાંગ પ્રણામ કરે છે.**

આજે જેઠ વદ અમાસ ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો તુલસી દાસજીએ કહ્યું છે કે, મારા જેવા કામીને મારો કહેતાં રામજીને શરમ આવે છે, પણ હું તો આપ રાજાધિ રાજનાં આંગણામાં બેઠેલો કૂતરો છું.તુલસી કૂત્તા રામકા!મેં તમારો પટ્ટો ગળામાં રાખ્યો છે. હું કૂતરો છું પણ રામજીનો છું. હુંપાપી છું પણ તમારો છું. ભોગમાં સંતોષ માનજો, પણ ભગવાનના ભજનમાં કોઈ દિવસ સંતોષ માનશો નહીં. ભક્તિમાં સંતોષ માને એ પ્રભુના માર્ગમાં આગળ વધી શકતો નથી. ભક્તિ એવી કરો કે,ભગવાનને તમારું સ્મરણ થાય, ભગવાન તમને યાદ કરે. ઉદ્ધવજી કહે છે, વિદુરજી, તમે ભાગ્યશાળી છો. ભગવાને એક વખત નહીં, પણ ત્રણ વખત તમને યાદ કરેલા. ભગવાને તમારા માટે મૈત્રેયજીને ખાસ આજ્ઞા કરી છે કે, મારો વિદુર તમને મળે ત્યારે આ ભાગવતધર્મનું જ્ઞાન તેને આપજો. આ વાત વિદુરજીએ સાંભળી ત્યારે વિદુરજી મૈત્રેયઋષિના આશ્રમમાં જવા નીકળ્યા. યમુનાજીએ કૃપા કરી વિદુરજીને ભક્તિનું દાન કર્યું. યમુનાજીએ નવધા ભક્તિ આપી, પણ જ્ઞાન- વૈરાગ્ય વગર ભક્તિ થતી નથી. જ્ઞાન- વૈરાગ્યનું દાન ગંગાજી કરે છે. વિદુરજી ગંગાકિનારે મૈત્રેયઋષિના આશ્રમમાં આવે છે. ગંગાજીનો બહુ મોટો મહિમા છે. વિદુરજીએ ગંગાજીમાં સ્નાન કર્યું. વિદુરજી વિચારે છે કે,ગંગાકિનારા ના આ પથ્થર ભાગ્યશાળી છે. મૈત્રેયઋષિ જેવાનાં ચરણ આ પથ્થર ઉપર પડતાં હશે આ પથ્થરો ઉપર વૈષ્ણવોની ચરણની રજ પડે છે. મૈત્રેયઋષિ મને ઉપદેશ આપશે કે નહીં. ભલે હું જાતિહીન છું,પણ હું કર્મહીન નથી.હું પાપી છું, અધર્મી છું પણ પરમાત્માએ મને અપનાવ્યો છે. એટલે જરૂર મૈત્રેયઋષિ મને આપશે. ભક્તિમાર્ગ એક જ કારણથી શ્રેષ્ઠ છે કે, જ્યાં સુધી પરમાત્માનું પ્રત્યક્ષ મિલન ન થાય ત્યાં સુધી ભક્ત એમ જ માને છેકે,પરમાત્માનું મિલન થતું નથી તેમાં મારો જ દોષ છે. ભક્તિમાં દૈન્ય આવે છે. જ્ઞાનમાર્ગમાં યોગી બ્રહ્મ રૂપ થવા લાગે છે અને ત્યારે કેટલાકમાં અભિમાન આવે છે અને તે પડે છે. આશ્રમમાં આવી વિદુરજી મૈત્રેય જીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. મૈત્રેય ઋષિ કહે છે, વિદુરજી, હું તમને ઓળખું છું. તમે કાંઈ સાધા રણ મનુષ્ય નથી. તમે યમરાજાનો અવતાર છો. માંડવ્યઋષિના શ્રાપ થી તમારો આ દાસીપુત્ર તરીકે શૂદ્રને ઘરે જન્મ થયો છે. એક વખત કેટલાક ચોરો ખજાના માંથી ચોરી કરી નાસવા લાગ્યા. રાજાના સેવકો ચોરોને પકડવા તેમની પાછળ પડ્યા.ચોરો ગભ રાયા.રસ્તામાં માંડવ્યઋષિનો આશ્રમ આવ્યો. ચોરોએ તેમની પાસે જેસઘળું ધન, ઝવેરાત હતું તે માંડવ્યઋષિના આશ્રમમાં ફેંકી તેઓ નાસી ગયા પાછળથી રાજા ના સૈનિકો આશ્રમમાં આવી પહોંચ્યાં આશ્રમમાં રાજખજાનાનું સઘળું ઝવેરાત જોઈ તેઓએ માન્યું કે,આ ચોરી માંડવ્ય ઋષિએ જ કરીછે. તેઓએ માંડવ્ય ઋષિને પકડયા. સઘળાં ઝવેરાત સાથે રાજા સમક્ષ માંડવ્ય ઋષિને ખડા કરવામાં આવ્યા. રાજાએ તેમને શૂળી પર ચઢાવવાની સજા કરી. માંડવ્યઋષિને શૂળી પર ચઢાવવા માં આવ્યા. માંડવ્યઋષિ શૂળી ઉપર મંત્રનો જપ કરે છે. માંડવ્યઋષિ મૃત્યુ પામતા નથી. હવે રાજા ગભરાયો. ઋષિને શૂળી ઉપરથી નીચે ઉતરાવ્યા. સઘળી હકીકત જાણી રાજાને દુઃખ થયું, માફી માગી. માંડવ્યઋષિ કહે છે, રાજન, તને ક્ષમા આપીશ પણ હું યમરાજાને પૂછું આવું કે મને શા માટે સજા કરાવી? મેં કોઈ પાપ કર્યું નથી. હું યમરાજ ન્યાયાધીશને આજે સજા કરીશ. પોતાના ચારિત્ર્ય ઉપર કેવો દ્દઢ વિશ્વાસ! ભરતખંડનો પવિત્ર બ્રાહ્મણ આજે યમરાજ ન્યાયાધીશનો જવાબ માગવા જાય છે. માંડવ્યઋષિ યમરાજના દરબારમાં આવ્યા. આવીને યમરાજને પૂછે છે, મેં બિલકુલ પાપ કર્યું નથી. તો મને શા માટે શૂળીએ ચઢાવ્યો. શૂળ ઉપર ચઢાવવાની સજા મને મારા કયા પાપ અંગે કરવામાં આવી? યમરાજા ગભરાય છે. યમરાજાએ વિચાર્યું કે, ભૂલ થઈ એમ કહીશ તો શ્રાપ આપશે. એટલે કહે કે, તમે ત્રણ વર્ષના હતા ત્યારે તમે એક પતંગિયાને કાંટો ભોકેલો, તેની તમને આ સજા કરવામાં આવી છે. પાપ જાણીને કરો કે અજાણતાં, પાપની સજા જરૂર ભોગવવી પડે છે.ભગવાન પાપ લેતા નથી. પુણ્ય ભોગવવાની ઈચ્છા ન કરો તોચાલે પણ પાપ તો ભોગવવું જ પડશે. પુણ્ય શ્રીકૃષ્ણાર્પણ થઈ શકે છે. પાપ શ્રીકૃષ્ણાર્પણ થઈ શકતું નથી પાપ તો ભોગવે જ છૂટકો. ભોગ વ્યા વગર પાપનો નાશ થતો નથી. લોકો સાંજે દુકાનેથી ઘરે જતી વખતે મંદિરમાં જાય છે. ભગવાનને હાથ જોડી કહેછે,આખા દિવસમાં જે જૂઠ્ઠું બોલ્યો,લોકોને છેતર્યો, જે કાળાંધોળાં કર્યાં હોય તે બધું હે નાથ, હું તમને અર્પણ કરું છું. પણ ભગવાન પાપ લેતા નથી. સામાન્ય સરકાર પણ કોઈને સજા કરવામાં આવી હોય, તે સજા પરત લેતી નથી. ભગવાન કહે છે, કેવો મૂર્ખ છે? મને પાપ અર્પણ કરવા આવ્યો છે. પરમાત્મા ને હંમેશા પુણ્ય અર્પણ કરજો. પાપ હું ભોગવીશ અને પુણ્ય ઠાકોરજીને અર્પણ કરીશ,એમ કહો. ઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ અર્પણ કરવી જોઈએ. એનું નામ ભક્તિ. ભગવાનને પુણ્ય અર્પણ કરવાં જોઈએ. માંડવ્યઋષિએ યમરાજાને કહ્યું, શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે, કોઈ મનુષ્ય અજ્ઞાના વસ્થામાં કાંઈ પાપ કરે તો તેની સજા તેને સ્વપ્નમાં કરવામાં આવે છે. હું બાળક હતો ત્યારે અજ્ઞાન હતો એટલે તે વખતે કરેલાં કૃત્યની સજા તમારે મને સ્વપ્નાવસ્થામાં જ કરવી જોઈતી હતી. માટે તમે મને ગેરવ્યાજબી પણે સજા કરી છે, તેથી હું તમને શ્રાપ આપું છું કે, જા, શૂદ્રયોનિમાં તમારો જન્મ થશે. આ પ્રમાણેના માંડવ્યઋષિના શ્રાપથી યમરાજા વિદુર તરીકે દાસીને ઘરે જન્મ્યા. દેવની ભૂલ થાય તો તે મનુષ્ય બને અને મનુષ્યની ભૂલ થાય. મનુષ્ય પાપ કરે તો ચાર પગ વાળો બને છે, પશુ બને છે. વિદુરજી કહે છે કે, એકવાર મારી ભૂલ થઈ તો દેવનો મનુષ્ય બન્યો. હવે હું અસાવધ રહીશ તો પશુ બનીશ. તે પછી વિદુરજી મૈત્રેયજીને કેટલાંક પ્રશ્નો પૂછે છેઃ ભગવાન અકર્તા હોવા છતાં કલ્પનાના આરંભમાં આ સૃષ્ટિની રચના તેમણે કેવી રીતે કરી? સંસારમાં સર્વલોક સુખ માટે પ્રયત્ન કરે છે. પણ ન તો એને સુખ મળે છે કે ન તો એનું દુઃખ દૂર થાય છે. આનો જવાબ મળે એવી કથા કહો તેમજ ભગવાનની લીલાઓનું વર્ણન કરો. મૈત્રેયજીએ કહ્યું, સૃષ્ટિની ઉત્પત્તિની કથા ભાગવતમાં વારંવાર આવે છે. તત્ત્વ દૃષ્ટિથી જગત ખોટું છે તેથી તેનો વિચાર સાધુઓએ બહુ કર્યો નથી પણ આ સૃષ્ટિના બનાવનારનો વારંવાર વિચાર કર્યો છે. પરમાત્માને માયાનો સ્પર્શ થયો એટલે સંકલ્પ થયો, હું એકનો અનેક થાઉં, પુરુષમાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ, મહત્તત્ત્વમાંથી અહંકાર. અહંકારના ચાર પ્રકાર છે. પંચતન્માત્રાથી પાંચ મહા ભૂતોની ઉત્પત્તિ થઈ પણએ તત્ત્વો ક્રિયા કરી શકતાં નથી, એટલે ઈશ્વરે એકએક વસ્તુમાં પ્રવેશ કર્યો ઉપ નિષદમાં કહ્યું છે, એક-એક વસ્તુ માં પ્રભુએ પ્રવેશ કર્યો છે એટલે જગત પરમાત્માનું મંગલમય સ્વરૂપ છે.ભગવાનની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્મા પ્રગટ્યા.બ્રહ્માજીએ કમળનું મુખ શોધવા પ્રયત્ન કર્યો. ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. સંતતિ અને સંપત્તિ એ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે.મન શુદ્ધિ વગર ઈશ્વરદર્શન થતું નથી. ઈશ્વરદર્શન વિના જીવન સફળ થતું નથી. પછી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી. પ્રથમ સ્વયંભુ મનુ અને શતરૂપા રાણી થયાં. તે વખતે ધરતી રસાતળમાં ડૂબી ગઈ હતી. બ્રહ્માએ વિચાર્યું કે પ્રજાનું નિર્માણ કરીશ, પણ પ્રજાને રાખીશ ક્યાં? ત્યાં નાસિકામાંથી વરાહ ભગવાન પ્રગટ થયા. વરાહ ભગવાન પૃથ્વી બહાર કાઢે છે.રસ્તામાં હિરણ્યાક્ષ મળ્યો,તેને માર્યો અને પૃથ્વીનું રાજ મનુ મહારાજને અર્પણ કરી ભગવાન સ્વધામમાં પધાર્યા. વિદુરજીએ કહ્યું, આપે બહુ સંક્ષેપ માં કથા સંભળાવી. હવે આ કથાનું રહસ્ય કહો. આ હિરણ્યાક્ષ કોણ હતો? ધરતી રસાતળમાં કેમ ડૂબી હતી? વરાહનારાયણનું ચરિત્ર મને સંભળાવો. મૈત્રેયજી વિદુરજી અને શુકદેવજી પરીક્ષિતને આ કથા સંભળાવે છે. કશ્યપઋષિનાં ધર્મપત્ની દિતિ એક દિવસ સાયંકાળે શણગાર સજી કશ્યપઋષિ પાસે આવ્યાં. કશ્યપ કહે છે, દેવી, આ સાયંકાળનો સમય છે. મન સંયમમાં રાખો. શાસ્ત્રમાં કહ્યું છે કે, સૌભાગ્યવતી સ્ત્રીમાં લક્ષ્મીનો અંશ છે, સાયંકાળે લક્ષ્મી નારાયણ ઘરે આવે છે. તે વખતે ઘર બંધ હશે તો લક્ષ્મીજી પણ જય શ્રીકૃષ્ણ કહીને ચાલ્યા જશે. સુધરેલા લોકો સાયંકાળે ઘરને તાળું મારી નીકળી પડે છે. ફરવા જવું હોય તો જજો પણ સૂર્ય અસ્તમાં આવે ત્યારે ઘરે પાછા આવી જજો. સ્ત્રીઓએ સાંજ પડે ત્યારે ઘર બહાર ભટકવા જવું ન જોઈએ. સંધ્યા સમયે તુલસીની પૂજા કરો. તુલસી ક્યારે દીવો કરો ભગવાનની આગળ ધૂપ-દીપ કરો

### અજય અને મૃણાલ ઠાકુરનું રોમેન્ટિક ગીત સ્કોટલેન્ડમાં શૂટ થશે

# ‘સન ઓફ સરદાર ૨’ ફિલ્મમાં અજયને હરાવવા સંજય દત્ત વિલનગીરી કરશે





લગભગ ૧૨ વર્ષ પછી અજય દેવગન એક્શન કોમેડી ફિલ્મ ‘સન ઓફ સરદાર’ની સીક્વલ સાથે પાછો ફરશે, આ સમાચાર સાથે તેની સ્ટાર કાસ્ટ વિશે દર્શકોમાં ઉત્સુકતા વધી છે. શરૂઆતમાં એવા અહેવાલો હતાં કે સીક્વલમાં સંજય દત્ત અને સોનાક્ષી સિંહા ફરી જોવા નહીં મળે. પરંતુ હવે સંજય દત્તના ફેન્સ માટે ખુશીના સમાચાર છે, ‘સન ઓફ સરદાર ૨’ માટે સંજય દત્તને સાઈન કરી લેવાયો છે. આ ફિલ્મના ફેન્સ માટે મહત્વની વાત એ છે કે આ ફિલ્મની વાર્તા પહેલી ફિલ્મની વાર્તાને આગળ નહીં વધારે પણ તેનાથી બિલકુલ અલગ નવી વાર્તા હશે. ફિલ્મ સાથે સંકળાયેલા એક સૂત્ર દ્વારા મળેલી માહિતી અનુસાર “સીક્વલમાં બિલકુલ નવી જ વાર્તા છે. જ્યાંથી પહેલી ફિલ્મ અટકી છે, ત્યાંથી આ ફિલ્મ શરૂ નહીં થાય. જોકે, પાત્રોના નામ પહેલી ફિલ્મમાં હતા એ જ રહેશે. અજય દિવગન જસવિંદર “જસ્સી” સિંઘ રંધાવા અને સંજય દત્ત બલવિંદર “બિલ્લુ” સિંઘ સંધુ તરીકે જ જોવા મળશે.” સૂત્રના જણાવ્યા અનુસાર આ વખતની ફિલ્મમાં અજય અને સંજયની દુશ્મની વધુ ઉગ્ર હશે કારણ કે આ ફિલ્મમાં સંજય દત્ત એક વિલન તરીકે જોવા મળશે. રિયલ લાઈફમાં અજય અને સંજય ખાસ મિત્રો હોવાથી અજયે સુનિશ્ચિત કર્યુ છે કે સંજયને બીજા ભાગમાં સારો રોલ મળે. ‘સન ઓફ સરદાર ૨’ વિજય કુમાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, જેણે ૨૦૧૪માં અજય સાથે ‘એક્શન જેક્શન’માં ડિરેક્ટર ઓફ ફોટોગ્રાફી તરીકે કામ કર્યુ હતું. આ ફિલ્મનું ૫૦ દિવસનું શૂટિંગ સ્કોટલેન્ડમાં થશે અને લગભગ જૂલાઈના અંતમાં શરૂ થશે. સૂત્રના જણાવ્યા અનુસાર ‘ગેમ ઓફ થ્રોન્સ’ અને ‘હેરિ પોર્ટર’ જેવી સિરીઝમાં જોવા મળ્યા છે.

### પ્રોડ્યુસર જેકી ભગનાનીની મદદ માટે અક્ષયે હાથ લંબાવ્યો

# ‘બડે મિંયા છોટે મિંયા’ની સમગ્ર કાસ્ટને નાણાં મળ્યા પછી જ પોતાની ફી લેશે

**જેકી ભગનાનીએ કહ્યું છે કે, અક્ષય કુમારે તેની ફિલ્મ ‘બડે મિંયા છોટે મિંયા’ની ફી જ્યાં સુધી સમગ્ર કાસ્ટ અને ક્રૂને તેમના પૈસા ન ચૂકવાય ત્યાં સુધી હોલ્ડ પર રાખવા કહ્યું**

જેકી ભગનાનીએ અંતે બાકી ચૂકવણાના પૂજા એન્ટરટેઈન્મેન્ટના આક્ષેપો અંગે ખુલાસો કર્યો છે અને કહ્યું કે અક્ષય કુમારે આ મુદ્દાનું નિરાકરણ લાવવા માટે દરમિયાનગીરી કરી છે. જેકી ભગનાની અને તેના પિતા વાસુ ભગનાનીના પ્રોડક્શન હાઉસ પૂજા એન્ટરટેઈન્મેન્ટ દ્વારા ઘણા કલાકારો અને ક્રૂને પૈસા ન ચુકવવાના મુદ્દે અનેક આક્ષેપ પ્રતિ ક્ષેપ ચાલી રહ્યા છે અને આ મુદ્દો ઘણો ચર્ચામાં છે. હવે અંતે જેકી ભગનાનીએ મૌન તોડ્યું છે અને કહ્યું છે કે આર્થિક સંકટમાં અક્ષય કુમાર તેની મદદ માટે આગળ આવ્યો છે. સોમવારે જાહેર કરવામાં આવેલાં ઓફિશિયલ નિવેદનમાં જેકી ભગનાનીએ કહ્યું છે કે, અક્ષય કુમારે તેની ફિલ્મ ‘બડે મિંયા છોટે મિંયા’ની ફી જ્યાં સુધી સમગ્ર



કાસ્ટ અને ક્રૂને તેમના પૈસા ન ચૂકવાય ત્યાં સુધી હોલ્ડ પર રાખવા કહ્યું છે. જેકીએ આ નિવેદનમાં કહ્યું,“હમણાં જ આ મુદ્દે વાત કરવા અક્ષય સર મને મળ્યા હતા. આ સ્થિતિ વિશે જાણતાં જ તે ક્રૂના સપોર્ટમાં મદદ માટે આગળ આવતા જરા પણ ખચકાયા નહીં.

### આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ એડેલ-લાના ડેલ રેના પણ નામ સામેલ

# અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટના ભવ્ય લગ્નમાં આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ પરફોર્મ કરશે

**અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી ૧૨ થી ૧૪ જુલાઈ સુધી ચાલશે**



૧. એડેલ (Adele)



૨. ડ્રેક (Drake)



૩. લાના ડેલ રેન

ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીના લગ્નની ચર્ચા ગયા વર્ષથી ચાલી રહી છે. અનંત અને તેની ભાવિ પત્ની રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેલિબ્રેશન આ વર્ષે માર્ચની શરૂઆતમાં થઈ હતી. આ પછી, જૂનમાં બીજું પ્રી-વેડિંગ સેલિબ્રેશન થયું, જેમાં બોલિવૂડથી લઈને હોલીવુડ સુધીના સ્ટાર્સે ભાગ લીધો. હવે ૧૨ જુલાઈએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ કાયમ માટે એક થવા જઈ રહ્યા છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ ૧૨મી જુલાઈ ૨૦૨૪ના રોજ મુંબઈમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. તેમના પુત્રના લગ્ન પહેલા, મુકેશ અને નીતા અંબાણીએ ૨ જુલાઈના રોજ નવી મુંબઈમાં ૫૦ જરૂરિયાતમંદ યુગલોના લગ્નનું આયોજન કર્યું હતું. આ દરમિયાન લગ્ન સાથે જોડાયેલી મોટી માહિતી પણ સામે આવી છે. ઈન્ડિયા ટુડે/આજ તક સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રખ્યાત રેપર અને ગાયક ડ્રેક અનંત અને રાધિકાના લગ્નમાં પરફોર્મ કરવા જઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય કલાકાર ડ્રેક ટૂંક સમયમાં ભારત આવશે. સૂત્રએ એ પણ



જણાવ્યું છે કે ડ્રેક સિવાય અંબાણી પરિવારની મેનેજમેન્ટ ટીમ અન્ય આંતરરાષ્ટ્રીય કલાકારો સાથે વાતચીત કરી રહી છે. મળતી માહિતી મુજબ અનંત અને રાધિકાના લગ્નમાં અમેરિકન સિંગર લાના ડેલ રે અને બ્રિટિશ પોપ સિંગર એડેલ પણ પરફોર્મ કરી શકે છે. રાધિકા મર્ચન્ટ લાના ડેલ રેની મોટી ફેન છે. હાલમાં મેનેજમેન્ટ ટીમ આ કલાકારો સાથે વાતચીતમાં વ્યસ્ત છે. લગ્નની ઉજવણીમાં તેને આમંત્રણ આપવા માટે તારીખ અને પૈસાની લેવડદેવડ નક્કી કરવા માટે વાતચીત ચાલી રહી છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી ૧૨ થી ૧૪ જુલાઈ સુધી ચાલશે. આ લગ્નમાં બોલિવૂડ સ્ટાર્સ ઉપરાંત સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતના મોટા નામો પણ હાજરી આપશે. આ ભવ્ય લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયા પર પહેલાથી જ વાયરલ થઈ ગયું છે. હોલીવુડની ગાયિકા રીહાન્ના, ધ બેકસ્ટ્રીટ બોયઝ, પીટબુલ અને ઈટાલિયન ઓપેરા સિંગર એન્ડ્રીયા બોસેલીએ અનંત અને રાધિકાના પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં પરફોર્મન્સ આપ્યું હતું. આ કપલના પ્રી-વેડિંગ સેલિબ્રેશનની તસવીરો અઠવાડિયાથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી હતી.

# નવાઝુદ્દીન પોતાને બોલિવૂડનો સૌથી કદરૂપો એક્ટર માને છે



નવાઝુદ્દીન સિદ્દિકી જેટલા વાસ્તવિકતાપૂર્ણ પાત્ર ભજવે છે, તેટલું જ તે વાસ્તવિક જીવનમાં પણ વર્તમાન સ્થિતિ સ્વીકારીને જીવવામાં માને છે. તેણે ક્યારેય વર્તમાનની કડવી વાસ્તવિકતાનો સામનો કરવાથી પીછે હઠ કરી નથી. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું હતું કે, તેને કઈ રીતે લોકો મ્હેણા ટોણા મારતા અને તેને તેના દેખાવને કારણે ભેદભાવનો સામનો કરવો પડતો હતો.સામાજિક અન્યાય છતાં નવાઝુદ્દીને બોલિવૂડમાં પોતાનું એક સ્થાન બનાવ્યું છે, વૈવિધ્યસભર પાત્રો ભજવીને સન્માન મેળવ્યું છે. તેણે જે પ્રકારના ભેદભાવનો સામનો કરવો પડ્યો છે એ અંગે નવાઝુદ્દીન કહે છે,“કદાચ અમારા જેવા લોકો સમાજના નક્કી કરેલા સામાન્ય સુંદરતાના ધારા ધોરણોમાં બંધ બેસતાં નથી. હું પણ જ્યારે મારી જાતને અરીસામાં જોઉં છું, તો ક્યારેક મને દેખાવને કારણે ઈન્ડસ્ટ્રીમાં મારા અસ્તિત્વ સામે સવાલ થાય છે.”નવાઝુદ્દીને સ્વીકાર્યું કે, સતત નકારાત્મક પ્રતિભાવે તેને ટીકાઓનો સામનો કરવા તૈયાર કર્યો. તેણે કહ્યું,“મેં એટલી બધી વખત આ બધું સાંભળ્યું છે કે હવે મેં માનવા માંડ્યું છે કે હું ઈન્ડસ્ટ્રીનો સૌથી

**સામાજિક અન્યાય છતાં નવાઝુદ્દીને બોલિવૂડ ઇન્ડસ્ટ્રીમાં પોતાનું એક સ્થાન બનાવ્યું છે**

કદરૂપો એક્ટર છું. જોકે, મને ફિલ્મ ઈન્ડસ્ટ્રી પ્રત્યે કોઈ દ્વેષ નથી.” નવાઝ ઈન્ડસ્ટ્રી તરફ પોતાના ટેલેન્ટની નોંધ લેવા અને તેને વિવિધ પાત્રો ભજવવાની તક આપવા માટે આભાર પણ વ્યક્ત કરે છે. તેણે કબૂલ કર્યુ કે ભલે સમાજ નબળા દેખાવ બદલ તમારી સાથે ભેદભાવ કરે પણ ઈન્ડસ્ટ્રી અલગ છે. તેના અનુભવ મુજબ જો વ્યક્તિમાં થોડું પણ ટેલેન્ટ હશે તો ઈન્ડસ્ટ્રી તેને ઘણું આપશે. આગળ નવાઝુદ્દીને ‘ગેંગ્ઝ ઓફ વાસેપુર’ને મળેલા પ્રતિસાદને યાદ કર્યો હતો. તેણે કહ્યું,“ફિલ્મ રિલીઝ થઈ એના મહિનાઓ પછી લોકો મારી પાસે આવીને કહેતાં કે તેમણે ફિલ્મ ૨૫ થી ૩૦ વખત જોઈ છે.

# ‘ઔરોંમેં કહાં દમ થા’ પોસ્ટપોન થઈ

‘કલ્કિ ૨૮૯૮ એડી’ની સફળતાને ધ્યાનમાં રાખીને અજય દેવગન અને તબ્બુની ફિલ્મ ‘ઔરોં મેં કહાં દમ થા’ની રિલીઝ પોસ્ટમોન કરી દેવામાં આવી છે. પહેલાં આ ફિલ્મ ૫ જુલાઈના રોજ રિલીઝ થવાની હતી. એક સૂત્ર દ્વારા મળેલી માહિતી અનુસાર“‘કલ્કિ ૨૮૯૮ એડી’ વીકેન્ડમાં ઘણી સારી ચાલી છે, ચાલુ દિવસોમાં પણ ફિલ્મની સારી પકડ રહેશે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. તે ઉપરાંત બીજા અઠવાડિયે પણ આ ફિલ્મ સારી ચાલશે એવો અંદાજ છે. તો જો આ શુક્રવારે ‘ઔરોં મેં કહાં દમ થા’ રિલીઝ થાય તો થિએટરના સ્કિન બંને ફિલ્મ વચ્ચે વહેંચાઈ જશે, તેના કારણે બંને ફિલ્મને ભોગવવું પડશે. તેના કારણે ફિલ્મના એક્ઝિબિટર્સને પણ ભોગવવું પડે. આમ કોઈને નુકસાન




ન થાય તે હેતુથી આ ફિલ્મની રિલીઝ પાછી ઠેલાઈ છે.” સૂત્ર દ્વારા આગળ જણાવાયું,“ફિલ્મના મેકર્સ જલદી જ તેની આગામી રિલીઝની તારીખનો નિર્ણય લેશે. મોટાભાગે આ ફિલ્મ જુલાઈના બીજા વીકમાં રિલીઝ કરાશે. એવું પણ બની શકે કે આ ફિલ્મ ૨ ઓગસ્ટે રિલીઝ થાય.” તો એવું બનશે કે આ અઠવાડિયે કરણ જોહરની ‘કીલ’ આ અઠવાડિયે રિલીઝ થનારી એકમાત્ર ફિલ્મ હશે. ધર્મા પ્રોડક્શન અને સિખ્યા પ્રોડક્શનની આ ફિલ્મને ફેસ્ટિવલ્સમાં ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. આ ઉપરાંત હોલિવૂડ એનિમેશન ફિલ્મ ‘ડેસ્પિકેબલ મી ૪’ આ અઠવાડિયે રિલીઝ થશે. એક એક્ઝિબૉરના કહેવા અનુસાર,“સારું છે કે,‘ઔરોં મેં કહાં દમ થા’ પાછી ઠેલાઈ. કલ્કિ અવિરત દોડી રહી હોવાથી આ શુક્રવારે તે ક્ષમતા મુજબનું પ્રદર્શન ન કરી શકી હોત.”

# બચ્ચન પાસેથી શીખો કસરતમાં બહાના ન ચાલે



સેલેબ્રિટી વેલનેસ ટ્રેઈનર્સ શિવોહમ અને વૃંદાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં અમિતાભ બચ્ચન અને રણબીર કપૂર જેવા સ્ટાર્સ સાથે કામ કરવાના અનુભવો જણાવ્યા હતા અને કહ્યું હતું કે તેમનામાં એવી કઈ બાબતો છે જે તેમને ખાસ બનાવે છે. એક ઈન્ટરવ્યૂમાં શિવોહમ અને વૃંદાએ, આ ઉંમરે પણ અમિતાભ બચ્ચનનું ડેડિકેશન અને તેમના શરીર અને મન દ્વારા હંમેશા સાચું જ થાય અને તેઓ તેમની પાસેથી શું શીખ્યા તેની વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે અમિતાભ બચ્ચન જરાક પણ મોડા પડે તો પહેલાં જ માફી માગી લે છે. વૃંદા અને શિવોહમે કહ્યું,“અમિતાભ એક કારણ માટે આદર્શ ગણાય છે. જો તેમના જેવો સતત વ્યસ્ત રહેતો માણસ પણ કસરત માટે દરરોજ સમય કાઢી શકે તો કોઈને પણ બહાના કાઢવાનો અધિકાર નથી.” વૃંદા દાયકાઓથી અમિતાભ બચ્ચન સાથે કામ કરે છે. “વિચારધારા વાત છે, કે જ્યારે તમને ખબર છે કે તમારા માટે કંઈક સારું છે, તો તમારે કરવું જ જોઈએ. તેમાં અનૂકૂળતા, સમય ન હોવાનું બહાનું ન ચાલે. જો મિસ્ટર બચ્ચન કસરત માટે સમય કાઢી શકે તો બીજા સામાન્ય લોકો પણ કરી જ શકે.”

### ‘ધ આર્ચિઝ’થી સુહાના ખાન અને અગત્સ્ય નંદાએ સાથે ડેબ્યુ કર્યું હતું

# સુહાના-અગત્સ્યએ કરી રોમેન્ટિક કોમેડી ફિલ્મ સાઇન

**સુહાના-અગત્સ્યએ પોતાની પહેલી ઓટીટી ડેબ્યુ સાથે જ પોતાની અભિનય ક્ષમતાને પુરવાર કરી હતી**

સુહાના ખાન અને અગત્સ્ય નંદાની ઝોયા અખ્તર દ્વારા ડિરેક્ટ થયેલી ઓટીટી ડેબ્યુ ફિલ્મ ‘ધ આર્ચિઝ’માં કેમેસ્ટ્રી જોવામાં તેમના ફેન્સને ઘણી મજા પડી હતી. સુહાના અને અગત્સ્યએ પોતાની પહેલી ઓટીટી ડેબ્યુ સાથે જ પોતાની અભિનય ક્ષમતાને પુરવાર કરી દીધી હતી. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે, તેમણે બંનેએ ફરી એક રોમેન્ટિક કોમેડી ફિલ્મ સાઈન કરી છે. તેઓ બંને બીજી ફિલ્મમાં પણ સાથે કામ



કરી રહ્યાં છે. ફિલ્મ સાથે સંકળાયેલાં એક સૂત્રના જણાવ્યા અનુસાર,“એક જાણીતા પ્રોડક્શન હાઉસ દ્વારા રોમ-કોમ સ્ક્રિપ્ટ સાથે અગત્સ્ય અને સુહાના બંનેનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમને બંનેને સ્ક્રીપ્ટ પસંદ પણ પડી છે. સુહાના અને અગત્સ્ય બંને તેમના અભિનય પ્રત્યેના પેશન માટે ઘણા ફોકસ થઈને કામ કરી રહ્યાં છે અને તેઓ બંને એ બાબતે સતર્ક છે કે તેઓ નસીબદાર છે અને તેમને મળેલી તકોનો તેઓ કોઈ રીતે ગેરલાભ ઉઠાવવા ઈચ્છતા નથી. ફિલ્મના મેકર્સ સુહાના અને અગત્સ્ય તરફથી હકારાત્મક પ્રતિસાદની રાહમાં છે.” જોકે, આ બાબતે હજુ સુહાના કે અગત્સ્યની ટીમ તરફથી કોઈ અધિકૃત માહિતી મળી નથી. હાલ સુહાના ‘કિંગ’ ફિલ્મ માટે પોતાના રોલની તૈયારી કરી રહી છે, જેમાં તે પોતાના સુપરસ્ટાર પિતા શાહરુખ સાથે કામ કરશે અને આ તેની મોટી થિએટ્રિકલ ડેબ્યુ ફિલ્મ હશે. ફેન્સ અત્યારથી જ આ પિતા પુત્રીની જોડી મોટા પડદે કેટલી કમાલ કરે છે તે જોવા આતુર છે. જ્યારે અગત્સ્ય શ્રીરામ રાઘવનની ‘ઈક્કિસ’ માટે કામ કરી રહ્યો છે, જેમાં તે લેફ્ટેનન્ટ અરુણ ખેતરપાલનો રોલ કરશે, આ ૧૯૭૧ના યુદ્ધની કથા પર આધારિત ફિલ્મ છે.

### ૨૦૨૪નાં પહેલાં છ મહિના અંધકારમય રહ્યા છે

# બોલિવૂડને નિષ્ફળતાના દોરમાં સક્સેસ ફોર્મ્યુલા ક્યારે જડશે?



વર્ષ ૨૦૨૩ એવું હતું કે બોલિવૂડે ફરી સફળતા અને એક પછી એક બ્લોક બસ્ટર ફિલ્મોનો દોર જોયો. ખાસ કરીને ‘પઠાણ’, ‘જવાન’, ‘એનિમલ’, ‘ગદર ૨’ના કારણે એક પછી એક સફળતામાં ઉછાળો આવતો રહ્યો હતો. એવી આશા હતી કે ૨૦૨૪માં પણ આ દોર જળવાઈ રહેશે. પરંતુ દુઃખદ વાત એ છે કે આ વર્ષના છ મહિના વીતી ચૂક્યા છે, પણ બોલિવૂડે હજુ એક પણ સફળ હિન્દી ફિલ્મ મેળવી નથી. જે જે મોટી ફિલ્મો પાસે બ્લોક બસ્ટર થવાની અપેક્ષા હતી એ બધી જ ફિલ્મો ઊંધા માથે પછડાઈ છે. ‘ફાઈટર’, ‘મૈદાન’, ‘બડે મિયાં, છોટે મિયાં’, ‘ચંદુ ચેમ્પિયન’ બધી જ ફિલ્મોમાં મોટા સ્ટાર્સને લેવાયા હતા, તેથી આ દરેક ફિલ્મ પાસે તે બોક્સ ઓફિસ પર કમાણી કરી બતાવે તેવી અપેક્ષાઓ હતી, પરંતુ આ એક પણ ફિલ્મ બહુ ખાસ ઉકાળી શકી નહીં. તે સૂચવે છે કે રિતિક રોશન, અજય દેવગન, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ અને કાર્તિક આર્યન જેવા એ લિસ્ટના સ્ટાર્સ, જેમને ફિલ્મમાં લેવાથી જ તે ફિલ્મ સફળ થઈ જાય તેવી ગણતરી શરૂ થઈ જાય છે, તે હવે ફેરવિચારણા માગી લે છે. આ જ પ્રશ્ન સમગ્ર ઈન્ડસ્ટ્રીના દેખાવ પર ઊઠી રહ્યો છે. ઈન્ડસ્ટ્રીના કહેવાતા માર્કેટ એક્સપર્ટની વાતમાં આવવા જેવું નથી, જે ‘ફિલ્મે આટલા કરોડની ઓપનિંગ કરી.. વગેરે..’ના દાવા કરે છે, તે ફિલ્મ મેકર્સ અને દર્શકો બંનેને અર્થહીન ભ્રમમાં રાખે છે. સામાન્ય ગણિત સમજવાની જરૂર છે કે ખરેખર ફિલ્મ પાછળ કેટલો ખર્ચ થયો હતો અને તે ફિલ્મ ખરેખર કેટલું કમાઈ? આ સમજો તો ખ્યાલ આવશે કે ૨૦૨૪નાં પહેલાં છ મહિના કેટલાં અંધકારમય રહ્યા છે. કોઈ મોટા બજેટની ફિલ્મે તેને બનાવવામાં થયો તેટલો ખર્ચ પણ રિકવર કર્યો નથી. કેટલીક મધ્યમ બજેટની ફિલ્મોએ થોડી અણધારી સફળતા મેળવી જેથી ઈન્ડસ્ટ્રીનું સ્તર સાવ ભોંય તળિયે જતાં બચી ગયું છે.

# મહિલાઓ વિરુદ્ધ અપરાધ અને નવા કાયદાઓ

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

(૧) ભારતીય ન્યાય સંહિતા (BNS), ઈલેક્ટ્રોનિક ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ્સ (e-FIRs) દ્વારા મહિલાઓ સામેના ગુનાઓની જાણ કરવા માટે એક પરિવર્તનકારી અભિગમ રજૂ કરે છે. તે એવા જઘન્ય ગુનાઓની ઝડપી જાણ કરવામાં મદદ કરે છે, જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. ડિજિટલ પ્લેટફોર્મ પરંપરાગત અવરોધોને દૂર કરતા તાત્કાલિક રિપોર્ટિંગની સુવિધા આપે છે અને સમયસર રિપોર્ટિંગ પર ભાર મૂકતા સ્થાપિત કાનૂની સિદ્ધાંતોના સારને પ્રતિબિંબિત કરે છે. હરપાલ સિંહ કેસ (૧૯૮૧) સહિત ન્યાયિક દાખલાઓ, રિપોર્ટિંગમાં વિલંબને અસર કરતા સામાજિક પરિબળોને ઓળખવામાં પડઘો પાડે છે.

(૨) ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ પીડિતો માટે ગુનાની જાણ કરવા માટે એક વિવેકપૂર્ણ અને સમજદાર માર્ગ પ્રદાન કરે છે. તે ભોગ બનનાર પીડિતોને કલંકના ડર વિના કાનૂની પ્રક્રિયા આગળ વધારવા માટે સશક્ત બનાવવા માટે વિકસિત સામાજિક-કાનૂની અભિગમ સાથે સંરેખિત કરે છે. સામાજિક દબાણને કારણે આવા ગુનાઓની ઐતિહાસિક અન્ડર-રિપોર્ટિંગની સમસ્યાને સંબોધિત કરવામાં આવી છે, જે પીડિત-કેન્દ્રિત અને સહાનુભૂતિપૂર્ણ કાનૂની પ્રણાલીની હિમાયત કરતી વ્યાપક સામાજિક કથા સાથે પડઘો પાડે છે. જનજાગૃતિ ઝુંબેશ, ટેકનોલોજીકલ નવીનતાઓ અને સામાજિક સમજ વચ્ચેના અંતરને દૂર કરી શકે છે. e-FIR ના ઉપયોગને પ્રોત્સાહિત કરવા અને તેમની વિશ્વસનીયતા અને સુરક્ષા અંગેની કોઈપણ આશંકાને દૂર કરવા માટે અસરકારક સંચાર મહત્વપૂર્ણ અને સર્વોપરી છે.

(૩) લગ્નનું ખોટું આશ્વાસન : વચન અને કપટની સામાજિક ચિંતાઓનું સંબોધન : BNS માં ખાસ કરીને લગ્નના ખોટા વચનો સંબંધિત સામાજિક ચિંતાઓ/સમસ્યાઓના ઉકેલ માટે કલમ ૬૯ રજૂ કરવામાં આવી છે. આ જોગવાઈ IPC હેઠળના વર્તમાન કાયદાકીય લેન્ડસ્કેપમાંથી એક ચિહ્નિત સ્પષ્ટ પ્રસ્થાન છે, જે ઘણીવાર ખોટા વચનો પર આધારિત જાતીય સંબંધ/સંભોગના કેસોને સંબોધવા માટે ૩૭૫ અને ૩૭૬ જેવા વ્યાપક કલમો પર આધાર રાખે છે.

(૪) કલમ ૬૯ માં છેતરપિંડી/છળ/કપટ કરીને જાતીય સંબંધ બનાવવા અથવા સાચા ઉદ્દેશ્ય વિના લગ્ન કરવાનું વચન આપતી વ્યક્તિઓ માટે લક્ષિત દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ પગલું લગ્નના ખોટા વચનો પર વધુ સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરીને, હાલના કાયદાકીય માળખામાં નોંધપાત્ર તફાવત ભરવાનો પ્રયાસ છે.

(૫) ભારતના ફોજદારી કાયદાના સુધારાની આધારશિ ફરિયાદીને પ્રોત્સાહન આપવાની છે. BNSS ની સુધારેલી કલમ ૧૯૩(૩), CrPC ની કલમ ૧૭૩(૨) ને પ્રતિબિંબિત કરે છે, જે કાયદાના અમલીકરણ અને પીડિત વચ્ચે સહજીવન સંબંધ ફરજિયાત કરે છે. પોલીસ હવે ફરિયાદીને તપાસની પ્રગતિ અંગે માહિતી આપીને અપડેટ કરશે, જે પરંપરાગત પદ્ધતિઓ/પ્રથાઓથી જુદી છે. આ માહિતીઓનું ઈલેક્ટ્રોનિક વિતરણ કરવાની વ્યવસ્થા, ડિજિટલ યુગની શરૂઆત કરે છે અને પારદર્શિતાને પ્રોત્સાહન આપે છે.

# અમદાવાદના સાણંદ તાલુકાના પીપણ ગામે ડાંગર પકવતા ખેડૂતોની બેઠક યોજાઈ

## ફાર્મ ડાયરીનો ઉપયોગ, બિયારણ-ખાતર સાહિતના વિવિધ મુદ્દે માર્ગદર્શન અપાયું



। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ જિલ્લામાં ખરીફ પાકોનું સારા પ્રમાણમાં વાવેતર થયું છે. ત્યારે ડાંગરના વાવેતર અંગે માર્ગદર્શન આપવા માટે ખેડૂતોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના સાણંદ તાલુકાના પીપણ ગામે યોજાયેલી આ બેઠકમાં ખેડૂતોએ ડાંગરમાં સારો ઉતારો મેળવવા માટેના પ્રયાસો બાબતે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. સાથોસાથ ડાંગર માટે જરૂરી પોષકતત્વો અને રોપણી તથા ઉછેર વેળાએ ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા પણ કરાઈ હતી. આ ઉપરાંત બેઠક દરમિયાન દરેક ખેડૂતોને પોતાની ફાર્મ ડાયરી તૈયાર કરવા પર ભાર આપવામાં આવ્યો હતો. જેના પરિણામે ખેડૂત દ્વારા આવક અને જાવકની નોંધ રહે અને વર્ષાન્તે ખેડૂતને કેટલો ચોખ્ખો નફો અને ખર્ચ થયો તેની જાણકારી મળી રહે. આમ, આ બેઠક ખરી રીતે અર્થપૂર્ણ બની રહી હતી. આજની બેઠકમાં અમદાવાદ જિલ્લા એસપીએનએફ સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા, એસ.પી.એન.એફ સહ સંયોજક શ્રી શક્તિસિંહ વાઘેલા, હિતેન્દ્રસિંહ વાઘેલા, જગદીશસિંહ વાઘેલા, મનુભાઈ ભરવાડ, હરદતસિંહ ઝાલા, સિધ્ધરાજસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, સરદારસિંહ પઢેરીયા, જયદીપ વી. પટેલ, અરવિંદભાઈ પટેલ સહિતના ખેડૂતો સામેલ થયા હતા.

# રથયાત્રા નિમિત્તે ડી.વાય.એસ.પી પટેલની અધ્યક્ષતામાં ઝાલોદ અને લીમડી પોલીસ સ્ટેશનમાં બેઠક યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।



આગામી તારીખ ૦૭-૦૭-૨૦૨૪ રવિવારના રોજ ભાગવાન જગન્નાથની રથયાત્રા નગરમાં નિકળનાર છે. આ રથયાત્રા દરમ્યાન નગરમાં કોમી એખલાસ જળવાઈ રહે, કોઈ પણ અસામાજિક તત્ત્વો પ્રત્યે તકેદારી રાખી તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો, ખોટી અફવાઓ થી સાવધાન રહેવું, કોઈ પણ સમાજ કે વ્યક્તિ સાથે ઉશ્કેરણી જનક કૃત્ય ન કરવું, રથયાત્રા દરમ્યાન શાંતિ પૂર્વક યાત્રા પૂરી કરવી, રથ ખેંચવા કોઈ પણ જાતની દોડાદોડ કે પડાપડી ન કરવી, સોશિયલ મીડિયામા નગરનું વાતાવરણ ડહોળાય એવી પોસ્ટ ન મૂકવી, કોઈ પણ જાતના વાદ વિવાદ કે તકરાર થી દૂર રહેવું આવા અનેક સૂચનો ડી.વાય.એસ.પી પટેલ તેમજ પી.એસ.આઈ માળી દ્વારા આપવામાં આવ્યા હતા. જેથી નગરમાં નીકળનાર રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય.

# આ રીતે બચ્યો 'ભોલે બાબા'ને આમંત્રણ આપવા ગયેલી મહિલાનો જીવ

## હાથરસ અકસ્માત : ૮ દિવસ બાદ દીકરીના લગ્ન

। નવી દિલ્હી, તા.૪ ।

ઉત્તર પ્રદેશના હાથરસમાં મંગળવારે ભોલે બાબાના સત્સંગ દરમિયાન નાસભાગમાં સોથી વધુ લોકોના મોત થયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળેથી લગ્નનું કાર્ડ મળી આવ્યું હતું, જે એક મહિલાએ લીધું હતું. પરંતુ તેણીનો જીવ બચી ગયો હતો કારણ કે નાસભાગ થાય તે પહેલા તે કાર્યક્રમમાંથી પરત આવી હતી. અલીગઢના મદ્રક પોલીસ સ્ટેશન વિસ્તારના મુકુંદપુર ગામના રહેવાસી બીનુ દેવી ગઈ કાલે હાથરસમાં સત્સંગમાં ભાગ લેવા માટે ગયા હતા. બિનુ દેવીની પુત્રી અંજલિના લગ્ન ૧૨ જુલાઈના રોજ થવાના છે અને તે બાબા સાકર હરિને આપવા માટે તેની પુત્રીના લગ્નનું કાર્ડ પોતાની સાથે લઈ ગઈ હતી.બિનુ ત્યાં બાબાને મળી શક્યો નહિ પણ તેણે તે કાર્ડ તેના નોકરોને આપી દીધું. તેમને આશા હતી કે સેવાદાર તે કાર્ડ બાબા સુધી પહોંચાડશે. ઘટના બને તે પહેલા જ બિનુ દેવી સ્થળ છોડીને ચાલ્યા ગયા હતા. તે છેલ્લા ૫ વર્ષથી બાબાના મેળાવડામાં હાજરી આપે છે. અકસ્માત બાદ બિનુની પુત્રી અંજલિના લગ્નનું કાર્ડ ઘટનાસ્થળે પડેલું જોવા મળ્યું હતું.બિનુ દેવીએ કહ્યું કે હું સત્સંગમાં છોકરીના લગ્નનું કાર્ડ લઈ ગયો હતો. દીકરીના લગ્ન ૧૨મી જુલાઈના રોજ છે. બાબા આવા કાર્યક્રમોમાં આવતા નથી, પણ હું કાર્ડ લઈને આવ્યો હતો.યુપીના એટા જિલ્લાના બહાદુર નગર ગામમાં જન્મેલા બાબા સાકર હરિનું સાચું નામ સૂરજપાલ સિંહ જાટવ છે. સત્સંગ માર્ગમાં જોડાતા પહેલા સૂરજપાલ ઈટાવા પોલીસમાં તૈનાત હતા. નોકરી દરમિયાન ૧૯૯૭માં બાબા વિરુદ્ધ યૌન શોષણની એફઆઈઆર પણ નોંધવામાં આવી હતી. પરંતુ જેલમાંથી છૂટ્યા બાદ તેમણે વિશ્વ હરિ બાબાના રૂપમાં સત્સંગ કરવાનું શરૂ કર્યું.સૂરજપાલ જાટવ ઉર્ફે ભોલે બાબા સામે અત્યાર સુધીમાં ૫ કેસ પેન્ડિંગ છે, જેમાંથી એક-એક કેસ રાજસ્થાનના આગરા, ઈટાવા, કાસગંજ અને ફરુખાબાદ અને દૌસામાં નોંધાયેલા છે. સાકર વિશ્વ હરિ અથવા ભોલે બાબા ઉર્ફે સૂરજપાલની પત્નીનું નામ કટોરી દેવી છે. સૂરજપાલ ત્રણ ભાઈઓમાં સૌથી મોટો છે. તેમના નાના ભાઈ રામ પ્રસાદનું અવસાન થયું છે. ત્રીજો ભાઈ રાકેશ ગામમાં રહે છે અને ખેતીકામ કરે છે. સૂરજપાલ દ્વારા બનાવેલ ભૌતિક વિશ્વ હરિ બાબાએ છેલ્લે ૨૩ મે ૨૦૨૩ના રોજ તેમના વતન ગામમાં બનેલા આશ્રમની મુલાકાત લીધી હતી અને ત્યારથી તેઓ આવ્યા નથી. જોકે, દર મંગળવારે તેમના આશ્રમમાં હજારો લોકો એકઠા થાય છે.

# અમદાવાદ મંડળમાંથી દોડતી ચાર જોડી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવામાં આવ્યા

। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળ થી ઉપડનારી ચાર જોડી સ્પેશ્યલ ટ્રેનોના ફેરાને સમાન સંરચના,સમય, સ્ટોપેજ અને માર્ગ પર લંબાવવામાં આવ્યા છે . આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૧૯૨૦ અમદાવાદ-આગ્રા કેન્ટ ત્રિ-સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન ને ૦૫ જુલાઈ ૨૦૨૪ થી ૩૧ જુલાઈ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે ટ્રેન નંબર ૦૧૯૧૯ આગ્રા કેન્ટ-અમદાવાદ ત્રિ-સાપ્તાહિક સ્પેશ્યલ ને ૦૪ જુલાઈ ૨૦૨૪થી ૩૦ જુલાઈ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૧૯૦૬ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૦૯ જુલાઈ ૨૦૨૪ થી ૩૦ જુલાઈ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ૦૮ જુલાઈ ૨૦૨૪ થી ૨૯ જુલાઈ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૪૧૬૬ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૧૧ જુલાઈ ૨૦૨૪ થી ૦૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૫ આગ્રા કેન્ટ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૧૦ જુલાઈ ૨૦૨૪ થી ૩૧ જુલાઈ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૪૧૬૮ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૦૮ જુલાઈ ૨૦૨૪ થી ૨૯ જુલાઈ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૭ આગ્રા કેન્ટ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ને ૦૭ જુલાઈ ૨૦૨૪ થી ૨૮ જુલાઈ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૧૯૨૦, ૦૧૯૦૬, ૦૪૧૬૬ અને ૦૪૧૬૮ માટે બુકિંગ ૦૪ જુલાઈ, ૨૦૨૪ થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈ આર સીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે દોડશે. ટ્રેનોના સ્ટોપેજ ના સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજદ્રોહના ગુનાને હટાવવો/દૂર કરવું

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

**ઇતિહાસ**

IPCમાં ઉલ્લેખિત રાજદ્રોહના ગુનાના કાયદાકીય મૂળ, મેકોલે અધીન કાયદા પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૧૮૩૭ ના ડ્રાફ્ટ પીનલ કોડની કલમ ૧૧૩ માં મળે છે. જો કે, ૧૮૬૦ ના ભારતીય દંડ સંહિતા તરીકે ડ્રાફ્ટ પીનલ કોડ ઘડવામાં આવ્યો ત્યારે, એક સરતચૂકને કારણે તે અવગણવામાં આવ્યો હતો. બાદમાં ૧૮૭૦માં કલમ ૧૨૪છ તરીકે આ કલમ દાખલ કરવામાં આવી હતી. આ જોગવાઈનું મૂળ ૧૭૯૨ના બદનક્ષી અધિનિયમ હેઠળ 'રાજદ્રોહી બદનક્ષી' ના ખ્યાલમાં પણ હતું. બ્રિટિશ સંસદે ૨૦૦૯માં કોરોનર્સ એન્ડ જસ્ટિસ એક્ટ, ૨૦૦૯ની કલમ ૭૩ દ્વારા રાજદ્રોહના ગુનાને રદ કર્યો હતો.

(૨) આ કલમની ઘણીવાર લોકોના મોટા વર્ગ દ્વારા સતત ટીકા કરવામાં આવતી રહી છે, જેઓ આને વસાહતી દમનના સૌથી શક્તિશાળી સાધન તરીકે જોતા હતા. આ કલમનો ઉપયોગ બ્રિટિશરો દ્વારા મહાત્મા ગાંધી અને બાલ ગંગાધર તિલક સહિતના સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતાઓ સામે કરવામાં આવ્યો હતો.

**કાયદા પંચના અહેવાલો/LCRની વિવિધ ભલામણો :**

(૩) ૪૨માં LCRએ રાજદ્રોહની જોગવાઈની મર્યાદા/વ્યાપ માત્ર સરકાર સુધી જ નહીં, પરંતુ બંધારણ, સંસદ અને રાજ્ય વિધાનસભાઓ અને ન્યાય પ્રશાસન સુધી પણ વધારવાની ભલામણ કરી હતી.

(૪) રાજદ્રોહ સહિતના ગુનાઓ અંગે ભૂતકાળમાં વિવિધ કાયદા પંચોએ જુદી-જુદી ભલામણો રજૂ કરી છે. ૪૨મા LCRએ કલમ ૧૨૧A, ૧૨૪, ૧૨૪A અને ૧૨૫માં નોંધપાત્ર સુધારાની ભલામણ કરી. ૧૯૭૮ના ક્રિમિનલલોએમેન્ડમેન્ટબિલમાંબહુઓછામહત્વના ફેરફારોની દરખાસ્ત કરવામાં આવી હતી અને નવી કલમ ૧૨૩A દાખલ કરવા માટે કહેવામાં આવ્યું હતું, જે અંતર્ગત ભારતના દુશ્મનોને મદદ કરવાની વૃત્તિને ગુનો માનવામાં આવે છે. ૧૯૯૭માં ૧૫૪મી LCRએ દરખાસ્ત કરી હતી કે, કલમ ૧૨૧Aમાં કોઈ નોંધપાત્ર ફેરફારોની જરૂર નથી અને કલમ ૧૨૪Aને બદલવાની ભલામણ કરી હતી.

(૫) તાજેતરના ભૂતકાળમાં, સુપ્રીમ કોર્ટે IPCની કલમ ૧૨૪છ ને સ્થગિત કરી દીધી છે. નોંધપાત્ર રીતે, ભારતના કાયદા પંચે તેના ૨૭૯મા અહેવાલમાં રાજદ્રોહના ગુનાને કાનૂનની પુસ્તકો પર જાળવી રાખવાની ભલામણ કરી હતી.

(૬) લો કમિશને એપ્રિલ, ૨૦૨૩માં 'રાજદ્રોહના કાયદાનો ઉપયોગ' પર બહાર પાડવામાં આવેલ રિપોર્ટ નંબર ૨૭૯માં તેનો વિચારણાભર્યો અભિપ્રાય રજૂ કર્યો હતો કે, IPCમાં કલમ ૧૨૪છ જાળવી રાખવાની જરૂર છે. જોકે, તેના અહેવાલમાં સૂચવ્યા મુજબ, તેમાં કેદારનાથ સિંહ વિ. બિહાર રાજ્ય (AIR ૧૯૬૨ SC ૯૫૫૧)ના કિસ્સામાં નક્કી કરાયેલા ગુણોત્તરને સામેલ કરીને કેટલાક સુધારાઓ રજૂ કરવામાં આવી શકે છે, જેથી જોગવાઈના ઉપયોગ અંગે વધુ સ્પષ્ટતા લાવી શકાય. તેણે વધુમાં ભલામણ કરી હતી કે, ઉપરોક્ત કલમ હેઠળ પૂરી પાડવામાં આવેલ સજાની યોજનામાં સુધારો કરવામાં આવે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે, તેને IPCના પ્રકરણ VI હેઠળના અન્ય ગુનાઓની સમાનતામાં લાવી આવી છે.

(૭) વધુમાં, કલમ ૧૨૪A ના દુરુપયોગ અંગેના મંતવ્યોથી માહિતગાર, કમિશને ભલામણ કરી હતી કે, કેન્દ્ર સરકાર દ્વારા તેને રોકવા માટે મોડેલ માર્ગદર્શિકા જારી કરવામાં આવે. કમિશનનું દ્રઢપણે માનવું હતું કે તેને સામેલ કરવાથી આ જોગવાઈના ઉપયોગ સાથે સંકળાયેલી ચિંતાઓને દૂર કરવામાં ઘણી મદદ મળશે.

(૮) નવી BNS એ રાજદ્રોહની કલમો દૂર કરી દીધી છે.

**ટેબલ ૨ : કલમ ૧૨૪છ IPC અને કલમ ૧૫૨ BNS વચ્ચે તુલના**

**કલમ ૧૨૪A IPC - રાજદ્રોહ**

જે કોઈ પણ શબ્દો દ્વારા અથવા તો બોલવામાં કે લખવામાં, અથવા સંકેતો દ્વારા અથવા દશ્યમાન ચિત્રણ દ્વારા, અથવા અન્યથા, ભારતમાં કાયદા દ્વારા સ્થાપિત સરકાર પ્રત્યે ધૃણા અથવા તિરસ્કાર ઉત્પન્ન કરે છે અથવા ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરે છે અથવા અસંતોષને ઉત્તેજિત કરે છે અથવા ઉત્તેજિત કરવાનો પ્રયાસ કરે છે, તેને આજીવન કેદની સજા કરવામાં આવશે. જેમાં દંડ ઉમેરી શકાય છે, અથવા તો દંડ સાથે કે દંડ ઉમેરી શકાય તે રીતે જેલ/કારાવાસ સાથે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય છે.

**સમજૂતી :**

(૧) "અસંતોષ" અભિવ્યક્તિમાં વિશ્વાસઘાત અને શત્રુતા/દુશ્મનીની બધી લાગણીઓ શામેલ છે. (૨) સરકારના પગલાં પ્રત્યે ધૃણા, તિરસ્કાર અથવા અસંતોષને ઉત્તેજિત કરવા અથવા ઉશ્કેરવાનો પ્રયાસ કર્યા વિના, કાયદેસર માધ્યમો દ્વારા તેમાં ફેરફારો મેળવવાના હેતુથી અસ્વીકૃતિ/અણગમો વ્યક્ત કરતી ટિપ્પણીઓ, આ કલમ હેઠળ ગુનો બનતી નથી. (૩) સરકારની વહીવટી અથવા અન્ય કાર્યવાહી પ્રત્યે ધૃણા અને તિરસ્કાર વગર અથવા અસંતોષને ઉત્તેજિત કરવા અથવા ઉત્તેજિત કરવાનો પ્રયાસ કર્યા વિના અણગમો વ્યક્ત કરતી ટિપ્પણીઓ, આ કલમ હેઠળ ગુનો બનતી નથી.

**કલમ ૧૫૨ BNS : ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતા કૃત્યો**

જે કોઈ પણ, હેતુપૂર્વક અથવા જાણી જોઈને, શબ્દો દ્વારા, કાં તો બોલવામાં અથવા લખવામાં, અથવા સંકેતો દ્વારા, અથવા દશ્યમાન રજૂઆત દ્વારા, અથવા ઈલેક્ટ્રોનિક સંચાર દ્વારા અથવા નાણાકીય માધ્યમનો ઉપયોગ કરીને, અથવા અન્યથા, અલગતા અથવા સશસ્ત્ર બળવો અથવા વિધ્વંસક પ્રવૃત્તિઓ ઉત્તેજિત કરે છે અથવા ઉત્તેજિત કરવાનો પ્રયાસ કરે છે, અથવા અલગતાવાદી પ્રવૃત્તિઓની લાગણીઓને પ્રોત્સાહિત કરે છે અથવા ભારતના સાર્વભૌમત્વ અથવા એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકે છે; અથવા આવા કોઈપણ કૃત્યમાં સંડોવાયેલ હોય અથવા આચરણ કરે તો તેને આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજા થશે અને તે દંડને પણ પાત્ર રહેશે.

**સમજૂતી :**

આ કલમમાં ઉલ્લેખિત પ્રવૃત્તિઓને ઉત્તેજિત કર્યા વિના અથવા ઉત્તેજિત કરવાનો પ્રયાસ કર્યા વિના, કાયદેસરના માધ્યમથી તેમાં ફેરફાર મેળવવાના હેતુથી સરકારની કાર્યવાહી અથવા વહીવટી અથવા અન્ય પગલાં પ્રત્યે અણગમો વ્યક્ત કરતી ટિપ્પણીઓ આ કલમ હેઠળ ગુનો બનતી નથી.

# વિધવા મહિલાને વળતરની લાલચ આપી મામલતદાર ૪૨ લાખ ચાંઉ કરી ગયા ?

। અમદાવાદ, તા.૪ ।

વિધવા મહિલાને ધંધામાં રોકાણ કરવાથી ફિક્સ વળતર મળશે તેમ કહી મામલતદાર ૪૨ લાખ રૂપિયા ચાંઉ કરી ગયા છે. મહિલાએ પૈસા પરત માગતા મામલતદારે ધમકી આપી હતી. જેથી આ મામલે વિધવા મહિલાએ નિકોલ પોલીસ મથકમાં મામલતદાર સામે અરજી આપતા પોલીસે તપાસ આદરી છે. શહેરના નિકોલ વિસ્તારમાં રેખાબહેન (ઓળખ છૂપાવા નામ બદલ્યું છે) પોતાની દીકરી સાથે રહે છે. રેખાબહેનના પતિએ થોડા વર્ષો પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે કઠલાલના મામલતદાર ધર્મેન્દ્ર પૂનમચંદ પટેલ મહિલાના મિત્ર હોવાથી દુષપ્રેરણા આપનાર સામે પગલાં લેવા મદદ કરી હતી. તેમની વચ્ચે પારિવારિક સંબંધ હતો. આ દરમિયાન વર્ષ ૨૦૧૯માં રેખાબહેન અમદાવાદ શિફ્ટ થઈ ગયા હતા. ૨૦૨૦માં ધર્મેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આપણા પારિવારીક સંબંધ મજબૂત બને તે માટે મારા પુત્ર હારિત પટેલનો સંબંધ તમારી દીકરી સાથે થાય તે મને બહુ ગમશે. જો કે, તે વખતે દીકરી સગીર હોવાથી રેખાબહેને મોટા થયા બાદ બન્ને નિર્ણય લેશે તેમ જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થઈ શકે છે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો ગુસ્સો તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારે અમુક મુદ્દાઓમાં તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

**સિંહ (મ,ટ) :**

આજે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી કોઈ ખોટી આદતથી મુક્ત થવા માટે ખૂબ જ શુકનવંતો દિવસ છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે.

**તુલા (ર,ત) :**

આજે કદાચ ભૂતકાળનો કોઈ ખોટો નિર્ણય હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો। તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારે પોઝિટવ વિચારવાની વધુ જરૂર છે, જે તમને માનસિક શાંતિ આપવામાં મદદરૂપ થશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે। તમે ક્યારેય ન ગયા હો એવા સ્થળે જો તમને આમંત્રિત કરાયા હોય તો-આમંત્રણનો ગરિમાપૂર્વક સ્વીકાર કરો. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે ખાસ કરીને સ્વાસ્થ્યને દરકાર કરવાની જરૂર છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારી અનુકંપા તથા સમજદારીનું વળતર તમને મળશે. પણ તકેદારી રાખજો કેમ કે ઉતાવળે લીધેલો કોઈપણ નિર્ણય તમને દબાણ હેઠળ લાવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખાસ કરીને કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ વિજેતા ટીમની યજમાની કરી











વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના નિવાસસ્થાને ICC T20 વર્લ્ડ કપ વિજેતા ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમની યજમાની કરી હતી. તેમજ ટુર્નામેન્ટ દ્વારા તેમના અનુભવો પર યાદગાર વાતચીત કરી. હતી.

ન્યૂઝ બ્રિફ

## બે PWD એન્જિનિયર સસ્પેન્ડ, પાંચ સામે કાર્યવાહી શરૂ કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દિલ્હીના મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનના બાંધકામ સંબંધિત કથિત અનિયમિતતાઓમાં લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાની મંજૂરી બાદ જાહેર બાંધકામ વિભાગના બે વરિષ્ઠ ઈજનેરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને અન્ય પાંચ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને જેમની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે તેમાં હાલમાં કાર્યરત અને નિવૃત્ત અથવા બદલી કરાયેલા એન્જિનિયરોનો સમાવેશ થાય છે. આ તમામ ૬ ફ્લેગસ્ટાફ રોડ ખાતેના મુખ્યમંત્રીના જૂના સત્તાવાર નિવાસસ્થાનને તોડી પાડવા અને તેની જગ્યાએ રૂ. ૫૦ કરોડથી વધુના ખર્ચે નવું મકાન બાંધવામાં કથિત રીતે સામેલ હતા.વિજિલન્સ ડિરેક્ટોરેટના દસ્તાવેજોથી જાણવા મળ્યું છે કે જૂન ૨૦૨૩માં અધિકારીઓને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી હતી. વિજિલન્સ ડિરેક્ટોરેટે શોધી કાઢ્યું હતું કે આ પીડબ્લ્યુડી એન્જિનિયરો કથિત રીતે નોટિસનો જવાબ આપવામાં વિલંબની યુક્તિઓનો આશરો લઈ રહ્યા હતા અને તેઓએ કોર્ટનો સંપર્ક પણ કર્યો હતો. પરંતુ કોઈ રાહત મળી નથી. આ મામલો લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેના સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં આરોપી એન્જિનિયરોને સસ્પેન્ડ કરવાની અને ઉઁચ્ચના ત્રણ અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવાની ભલામણ કરવામાં આવી હતી. આ ત્રણ અધિકારીઓની દિલ્હી સરકાર તરફથી બદલી કરવામાં આવી છે.વિજિલન્સ ડિરેક્ટોરેટે, આ મામલે તેની તપાસ કર્યા પછી, એલજીને દિલ્હી પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટના બે નિવૃત્ત એન્જિનિયરો સામે શિસ્તની કાર્યવાહી શરૂ કરવા અને હાલમાં સેવા આપતા બે એન્જિનિયરોને સસ્પેન્ડ કરવાની ભલામણ કરી હતી.

### મુંબઈમાં વિજયી પરેડમાં હજારો ફેન્સ ઉમટી પડ્યા । મરીન ડ્રાઈવથી વાનખેડે સ્ટેડિયમ સુધી ખુલ્લી બસમાં ભારતીય ટીમની વિજયી પરેડ કરવામાં આવી

# T20 ચેમ્પિયન ટીમ ઈન્ડિયાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

બારબાડોસમાં ટી૨૦ વર્લ્ડ કપ જીતીને ભારતીય ક્રિકેટ ટીમ ગુરૂવારે ભારત પરત આવી હતી. ભારતીય ટીમ દિલ્હી એરપોર્ટ પર ઊતરી હતી અને ચેમ્પિયન ખેલાડીઓને જોવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ઉમટ્યા હતા. રોહિત શર્માની આગેવાનીવાળી ભારતીય ટીમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મળવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. ટીમ વડાપ્રધાન મોદીને મળી હતી અને તેમની સાથે વાતચીત કરી હતી. ભારતીય ટીમે ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને સાત રને પરાજય આપ્યો હતો. ભારતીય ટીમ સાંજે મુંબઈ પહોંચી હતી જ્યાં મરીન ડ્રાઈવ પર ખુલ્લી



બસમાં તેમની પરેડ કાઢવામાં આવી હતી. ટીમને ત્યાંથી વાનખેડે સ્ટેડિયમ લઈ જવામાં આવી હતી. ચેમ્પિયન ટીમના સ્વાગતમાં મરીન ડ્રાઈવ પર લાખોની સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ ઉમટી પડ્યા હતા. બારબાડોસમાં ભારતીય ટીમે ગત શનિવારે ફાઈનલ રમી હતી. જોકે, વાવાઝોડાના કારણે બારબાડોઝને શટડાઉન કરવું પડ્યું હતું અને ટીમને પણ ત્યાં રોકાવું પડ્યું હતું. તેઓ બારબાડોસમાં હોટલમાં રોકાયા હતા. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ જય શાહે સ્પેશિયલ ચાર્ટર ફ્લાઈટની વ્યવસ્થા કરી હતી અને તેમાં ભારતીય ટીમ ટ્રોફી સાથે પરત ફરી. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભીડને કાબૂમાં રાખવા માટે ભારે સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. દિલ્હીથી ભારતીય ટીમ મુંબઈ પહોંચી હતી જ્યાં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વરસાદી વાતાવરણ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો ત્યાં ઉમટ્યા હતા. ઉજવણીની શરૂઆત એરસાઈડ પર ગાર્ડ ઓફ ઓનર સાથે થઈ હતી અને 'ફોલો મી' કાર ટીમ એરક્રાફ્ટને એરપોર્ટ ટર્મિનલ સ્ટેન્ડ સુધી લઈ જતી હતી. ત્યાં તેને સ્પેશિયલ 'વોટર સેલ્યુટ' આપવામાં આવી હતી અને ત્યારબાદ ટીમ પ્લેનમાંથી ઉતરી. ટીમના તમામ સભ્યોનું આગમન કોરિડોરમાં તેમના પર ફૂલોની વર્ષા કરીને સ્વાગત કરવામાં આવ્યું. એરપોર્ટ પર મેન ઈન બ્લુ માટે રેડ કાર્પેટ પાથરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ત્રિરંગાના શેડ્સથી શણગારેલા ટર્મિનલ પર કેક કાપવાની ઉજવણી કરવામાં આવી હતી.



તેલંગાણાના મુખ્યમંત્રી અનુમુલા રેવંત રેડ્ડી અને ઉપ મુખ્યમંત્રી ભટ્ટી વિક્રમાર્ક મલ્લુએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી.

### ભારતને શોક સંદેશ મોકલ્યો

## પુતિન અને જાપાનના પીએમ કિશિદાએ હાથરસ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો

### મંગળવારે હાથરસમાં બાબાના સત્સંગમાં નાસભાગ મચી ગઈ હતી અને ૧૨૧ લોકોના મોત થયા હતા

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૪ ।

ઉત્તર પ્રદેશના હાથરસમાં મંગળવારે એક સત્સંગમાં ભાગદોડ મચી જવાથી ૧૨૧ લોકોના મોત થયા હતા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. જાપાનના વડાપ્રધાને પણ હાથરસની ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.ભારતમાં રશિયન દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, 'રશિયાના રાષ્ટ્રપ તિ વ્લાદિમીર પુતિને ઉત્તર પ્રદેશમાં નાસભાગની ઘટના પર ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપ દી મુર્મુ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શોક સંદેશ મોકલ્યો છે.' જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદાએ પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.મંગળવારે હાથરસમાં બાબાના સત્સંગમાં નાસભાગ મચી ગઈ હતી અને ૧૨૧ લોકોના મોત થયા હતા. સત્સંગના આયોજકથી માંડીને વહીવટીતંત્ર કડાકામાં ઊભું છે. ઘટનાના ૨૪ કલાક બાદ પણ આરોપીઓ ફરાર છે. બાબા નારાયણ સાકર હરિ ઉર્ફે ભોલે બાબા પોતે ગાયબ છે.બાબા વિશે કોઈને કોઈ સમાચાર નથી. આયોજક સમિતિના મુખ્ય સેવક અને પ્રભારી દેવ પ્રકાશના મધુકર પણ હજુ સુધી પ ોલીસના હાથે ઝડપાયા નથી. પોલીસ એફઆઈઆરમાં દેવ પ્રકાશને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યો છે.આ ઘટના સિકંદરરૌ વિસ્તારના ફૂલરાઈ ગામમાં બની હતી. અહીં માનવ મંગલ મિલન સદભાવના સમિતિએ ૧૫૦ વીઘાના ખુલ્લા મેદાનમાં સત્સંગનું આયોજન કર્યું હતું. પોલીસ એફઆઈઆર મુજબ, કાર્યક્રમમાં ૮૦ હજાર લોકોની હાજરી માટે પરવાનગી લેવામાં આવી હતી અને ત્રણ ગણી વધુ એટલે કે ૨.૫ લાખ લોકોની ભીડ એકઠી થઈ હતી. વ્યવસ્થા પણ બાબાના સેવકો અને આયોજક સમિતિ સાથે સંકળાયેલા લોકોએ સંભાળી હતી.સ્થળ પર માત્ર ૪૦ પોલીસ કર્મચારીઓ

# PM ઋષિ સુનકને આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

બ્રિટનમાં લાખો લોકો આજે એક મહત્વપૂર્ણ સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા જઈ રહ્યા છે, જે બ્રિટિશ રાજકારણને નવેસરથી આકાર આપી શકે છે. ઓપિનિયન પોલ્સ દર્શાવે છે કે કેઈર સ્ટારમરની આગેવાની હેઠળની લેબર પાટી ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવી શકે છે, વડાપ્રધાન ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાટીના ૧૪ વર્ષના શાસનનો અંત લાવી શકે છે. સુનાક, બ્રિટનના પ્રથમ ભારતીય મૂળના વડા પ્રધાને છેલ્લી ઘડીએ શ્રમ માટે સંભવિત "સુપર બહુમતી" ને રોકવા માટે અપીલ કરી હતી કારણ કે તેમના શાસનથી કરમાં વધારો થશે. સ્ટારમેરે કન્ઝર્વેટિવ ચેતવણીઓને નકારી કાઢી હતી, તેમના પર લોકોને મતદાનથી નિરાશ કરવાનો આરોપ લગાવ્યો હતો.ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડમાં ૬૫૦ સંસદીય મતવિસ્તારોમાં મતદારો મતદાન કરશે. મતદાન કેન્દ્રો સવારે ૭ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહે છે, જેમાં ૪૬ મિલિયન પાત્ર મતદારો લગભગ ૪૦,૦૦૦ કેન્દ્રો પર મતદાન કરી શકે છે. આ ચૂંટણીમાં નવી મતદાર ઓળખ કાર્ડ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.ચૂંટણી પૂર્વેના મતદાનોએ દર્શાવ્યું છે કે લેબર પાટીના કીર સ્ટારર આગામી વડાપ્રધાન બની શકે છે. પોલ્સ દર્શાવે છે કે તેમની પાટી ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાટીને હરાવી દેશે. સ્ટારમેરે "આશા અને તકના નવા યુગ"નું વચન આપ્યું છે અને કહ્યું છે કે તેમની કેબિનેટ "શાસન માટે તૈયાર છે."સુનકે, જેમણે પહેલેથી જ ચૂંટણી બોલાવી હતી, તેણે તાજેતરના અઠવાડિયામાં તેમની પ્રચારની રણનીતિ બદલી છે. તેણે સતત પાંચમી જીતની શોધ છોડી દીધી છે, તેના બદલે નિર્વિવાદ શ્રમ બહુમતી પર હુમલો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એવા અહેવાલો છે કે સન તેના યોર્કશાયર મતવિસ્તારમાં રિચમન્ડ અને નોર્થલેર્ટન ચૂંટણી હારી શકે છે જ્યાં તે ૨૦૧૯ માં ૨૭,૦૦૦ મતોથી જીત્યો હતો.




આગામી શ્રી ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રા નિમિત્તે જગન્નાથ મંદિર ખાતેથી પોલીસ કમિશનર જી.એસ મલિક તેમજ પોલીસના અન્ય અધિકારીઓ દ્વારા રથયાત્રા રૂટ પર બંદોબસ્તનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.

# રથયાત્રા રૂટ પર ૧૫ હજાર પોલીસકર્મીએ રિહર્સલ કર્યું । ૧૪૦૦ જેટલા સીસીટીવી કેમેરાથી બાજ નજર રખાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

શહેરમાં ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા ૭મી જુલાઈ અષાઢી બીજને દિવસે યોજાશે. આ રથયાત્રામાં સુરક્ષા માટે ૧૮ હજારથી વધુ સુરક્ષાકર્મીઓ ફરજ પર રહેશે. ત્યારે રથયાત્રા શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે શહેરમાં યાત્રાના સમગ્ર રૂટ પર આજે ૧૫ હજારથી વધુ પોલીસ કર્મીઓ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. જમાલપુર જગન્નાથ મંદિરેથી લઈ સરસપુર સુધીના રૂટ પર પોલીસ કર્મીઓએ રિહર્સલ કર્યું હતું. ૧૫ હજાર પોલીસકર્મીઓ અને ૧ હજારથી વધુ ટ્રાફિક પોલીસકર્મી રિહર્સલમાં જોડાયા હતાં. અમદાવાદ પોલીસની સાથે રાજ્યના અન્ય જિલ્લા અને શહેર પોલીસ બંદોબસ્તમાં જોડાઈ છે. શહેર પોલીસ કમિશ્નર અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં રિહર્સલ કરવામાં આવ્યું છે. અમદાવાદમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં યોજાતી આ રથયાત્રા ૧૬ કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો વ્યવસ્થા તેમજ રથયાત્રા દરમિયાનની સુરક્ષા-સલામતી વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું.અમદાવાદ પોલીસ કમિશનરે જણાવ્યું કે, રથયાત્રાને સફળ બનાવવા માટે આઈ.જી. કક્ષાથી લઈને પોલીસ કર્મીઓ સુધી કુલ મળીને ૧૮૭૦૦થી વધુ સુરક્ષા કર્મીઓ ખડે પગે ફરજરત રહેવાના છે.રથયાત્રામાં જોડાનારા રથો, ટ્રક, અખાડા અને ભજન મંડળીઓ, મહંતોની સુરક્ષા માટે રથયાત્રા સાથે મુવિંગ બંદોબસ્તમાં ૪૫૦૦ જેટલા પોલીસ કર્મીઓ જોડાવાના છે. સમગ્ર યાત્રામાં ટ્રાફિક અડચણ નિવારવા અને સુચારૂ ટ્રાફિક સંચાલન માટે ટ્રાફિક બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનરના નેતૃત્વમાં ૧૯૩૧ જવાનો તૈનાત રહેશે. ૧૬ જેટલી ક્રેઈનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રા દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માધ્યમથી કોઈ અફવા કે ખોટા-ગેરમાર્ગે દોરતા સમાચારો, વિગતો ક્યાંય પ્રસિદ્ધ થાય તો તેની સામે ત્વરાએ સત્ય હકીકતથી લોકોને વાકેફ કરવા પર પોલીસ તંત્ર વિશેષ ધ્યાન આપે તેવું સૂચન કર્યું હતું. આ સંદર્ભમાં પોલીસ કમિશનરે રથયાત્રામાં પૂરતા મોનિટરિંગ પ્રબંધન અંગે જણાવ્યું કે, ૪૭ જેટલા લોકેશન?સ પરથી ૯૬ કેમેરા, ૨૦ ડ્રોન, ૧૭૩૩ બોડીવોર્ન કેમેરા દ્વારા લાઈવ મોનિટરિંગ કરાશે. આ ઉપરાંત ૧૬ કિલોમીટરના સમગ્ર રથયાત્રા રૂટ પર ખાનગી દુકાન ધારકોની સહભાગીતાથી ૧૪૦૦ જેટલા સી.સી.ટી.વી. કેમેરાથી પોલીસ કંટ્રોલરૂમ દ્વારા બાજ નજર રખાશે.

## ન્યુઝ બોક્ષ

### ભારે વરસાદને પગલે દાંતાની સરકારી હોસ્પિટલમાં પાણી ભરાયા

। (એજન્સી) દાંતા, તા.૪ ।

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. દાંતાની સરકારી હોસ્પિટલમાં તમામ રૂમોમાં પાણી ભરાયા છે. સરકારી હોસ્પિટલમાંથી તમામ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સમગ્ર હોસ્પિટલમાં પાણી ભરાતા તમામ સ્ટાફને બહાર રહેવા મજબૂર બન્યા છે. સરકારી હોસ્પટિલમાં પાણી ભરાતા દાંતા ગામના લોકો મદદમાં જોડાયા છે. હોસ્પિટલના અંદર સુધી પાણી આવતા દર્દીઓ અને સ્ટાફને ભારે મુશ્કેલી થઈ રહી છે. જો કે કોઈ પણ દર્દી કે સ્ટાફ બેસી શકે તેવી સ્થિતિ પણ ન હોવાનું સામે આવ્યું છે. પાલનપુરમાં ધોધમાર વરસાદ પડતા ઠેર-ઠેર પાણી ભરાયા છે. પાલનપુર – અંબાજી હાઈવે પર પાણી ભરાતા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. વીરપુર પાટિયા નજીક પણ વરસાદી પાણી ભરાતા વાહનચાલકો અટવાયા છે. બીજી તરફ ભારે વરસાદના પગલે દાંતામાં પણ અનેક વિસ્તારો જળમગ્ન થયા છે.

### વઢવાણની ઓળખ સમો ૧૪૦૦ વર્ષ જૂનો ઐતિહાસિક ગઢ ધરાશાયી થયો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૪ ।

સુરેન્દ્રનગરના વઢવાણની ઓળખ સમો ૧૪૦૦ વર્ષ જૂનો ઐતિહાસિક ગઢ ધરાશાયી થયો છે. આ ગઢની જાળવણી માટે ગ્રાન્ટની ફાળવણી થતી હોવા છતા ગઢનું સમારકામ ન થતુ હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. સમારકામ ન કરાતા રાજાશાહી સમયનો આ ગઢ જર્જરીત બન્યો હતો. પુરાતત્ત્વ વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા અવારનવાર તંત્ર તેનુ યોગ્ય સમારકામ કરે તેવી માગ ઉઠાવવામાં આવી હતી. સૌરાષ્ટ્રને એકમાત્ર રાજાશાહી સમયનો સુરક્ષિત ગણાતો ગઢ પણ તંત્રની બેદરકારીના કારણે ધબાય નમઃ થયો છે. ગઢ ધરાશાયી થતા નજીકના કેબિનધારકને પણ નુકસાન થયુ છે. હાલ નગરપાલિકાના અધિકારીઓએ વઢવાણમાં ધામા નાખ્યા છે અને પાલિકાના ચીફ ઓફિસર તેમજ પ્રમુખે સર્વેની કામગીરી હાથ ધરી છે.

### બંગલાના રસોડામાં લાગેલી આગ બીજા માળે પ્રસરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

ભાટ ખાતે એક બંગલામાં રસોડામાં કોઈ કારણસર લાગેલી આગ બીજા માળ સુધી પ્રસરી ગઈ હતી. આગના કારણે ઉપરના માળે પોતાના રૂમમાંથી બહાર નહીં નીકળી શકવાના કારણે યુવાન ભડથું થઈ ગયો હતો. જ્યારે પરિવારના અન્ય સભ્યો ઘરની બહાર નીકળી જતાં તમામનો બચાવ થયો છે. ત્યારે ફાયર બ્રિગેડની ટીમે સ્થળ ઉપર પહોંચી આગ પર કાબુ મેળવી બાલ્કનીની લોખંડની ગડર કાપ ીને યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ બંગલોમાં વેદપ્રકાશ દલવાણી તેમના પત્ની, પુત્રી અને પુત્ર સાથે રહે છે. નિત્યક્રમ મુજબ તેમનો પુત્ર આદિત્ય પોતાના રૂમમાં હતો. જ્યારે પરિવારના અન્ય સભ્યો નીચેના રૂમમાં હતા. રસોડામાં કોઈ કારણસર અચાનક આગ લાગી હતી.

### તમામ તહેવારો શાંતિમય રીતે ઉજવાય એવો નિર્ણય લેવાયો

## વડોદરામાં પોલીસ ભવન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### રથયાત્રાના બીજા દિવસે મહોરમ પર્વની ઉજવણી થશે

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

ભગવાન જગન્નાથજીની રથયાત્રા અને મહોરમ પર્વ શાંતિથી ઉજવાય અને ભક્તજનો દર્શનનો લાભ વ્યવસ્થિત રીતે લઈ શકે એ અંગે વડોદરામાં પોલીસ ભવન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

આગામી રથયાત્રા અને મહોરમ પર્વ એક જ દિવસે આવશે તો રથયાત્રાના બીજા દિવસે મહોરમ પર્વની ઉજવણી થશે તેમ તાજીયા કમિટીના ચેરમેને જણાવ્યું હતું. આ બંને તહેવારો સહિત અન્ય તમામ તહેવારો શાંતિમય રીતે ઉજવાય એવો નિર્ણય પણ લેવાયો હતો.

ભગવાન જગન્નાથજી અને બહેન સુભદ્રા તથા બલભદ્ર આગામી તા.૭મીએ દિનચર્યાએ નીકળીને ભક્તજનોને દર્શન આપશે. આ ઉપરાંત મુસ્લિમ બિરાદરોનો તાજીયા મહોત્સવ પણ આગામી તા.૭મીએ આવી રહ્યો છે. આ બંને તહેવારો શાંતિ અને સૌહાર્દ પૂર્ણ વાતાવરણમાં પ્રત્યેક કોમ એકતાના માહોલમાં ઉજવે એ અંગે પોલીસ ભવન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં શહેરના પ્રથમ નાગરિક મેયર પિંકીબેન સોની ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને જરૂરી સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે તાજીયા કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે જો રથયાત્રા અને મહોરમ પર્વ એક જ દિવસે આવશે તો તાજીયા બીજા દિવસે એટલે કે તા.૮મીએ બેસાડવામાં આવશે તેવી જાહેરાત તાજીયા કમિટીના ચેરમેને કરી હતી. શાંતિ સમિતિની આ બેઠકમાં શહેરીજનો શાંતિપૂર્ણ માહોલમાં વ્યવસ્થિત રીતે દર્શન કરી શકે એ બાબત ખાસ ધ્યાનમાં લેવાઈ હતી.

રથયાત્રા અને મહોરમ પર્વ નિમિત્તે લોખંડી પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે. કાયદો વ્યવસ્થા જાળવવામાં સ્થાનિક પોલીસને બહારથી બોલાવવામાં આવનાર પોલીસ જવાનો સહિત બીએસએફ અને આરપીએફ પણ મદદમાં રહેશે. શહેરના તમામ ધારાસભ્યોએ તહેવારો નિમિત્તે કરેલા સૂચનો પણ શાંતિ સમિતિની બેઠકમાં ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

## કોંગ્રેસે ૧૦ તો ભાજપે ૨૫૦ લોકો સામે ફરિયાદ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના હિન્દુઓ પરના નિવેદન મુદ્દે બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ દ્વારા બે દિવસ પહેલા મોડી રાત્રે કોંગ્રેસના કાર્યાલય ખાતે તોડફોડ અને કાળો કલર મારવાની ઘટના બની હતી. ત્યાર બાદ ભાજપ-કોંગ્રેસના કાર્યકરો દ્વારા સામસામે પથ્થરમારોની ઘટના બની હતી. ભાજપના નેતાઓએ કોંગ્રેસના ૨૫૦થી વધુ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી હતી. હવે કોંગ્રેસના દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં બજરંગ દળના જ્વલિત મહેતા અને પૂર્વ કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ સહિતના ૧૦ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી છે. સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧ જુલાઈએ સંસદમાં નિવેદન આપ્યા બાદ ૨ જુલાઈએ અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં મોડી રાત્રે બજરંગ દળના નેતા જ્વલિત મહેતા, પૂર્વ, કોર્પોરેટર ફાલ્ગુની શાહના પુત્ર ઋત્વિક શાહ, ચિંતન લોધા સહિત અજાણ્યા ૮થી ૧૦ લોકો કાર્યાલયમાં ઘૂસી ગયા હતા. સિક્યુરિટી ગાર્ડને ધાક ધમકી આપી કાર્યાલયમાં રહેલા ઝંડા બેનરો અને રાહુલ ગાંધીના પોસ્ટરોને નુકસાન કર્યું હતું. કોંગ્રેસ કાર્યાલય ખાતે લાગેલા CCTVમાં તપાસ કરતા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ હોવાનું સામે આવ્યું હતું. રાહુલ ગાંધીના ફોટો પર કાળો સ્પ્રે છાંટ્યો અને બેનરો ફાડી ધમાલ મચાવી હતી.

### રાહુલ ગાંધી આવી શકે છે અમદાવાદમાં

## અમદાવાદમાં રાજીવ ગાંધી ભવન પર હુમલાને લઈ કોંગ્રેસ આકરા પાણીએ

### કોંગ્રેસ આક્રમક વિરોધ પ્રદર્શન કરશે : શક્તિસિંહ ગોહિલ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં કોંગ્રેસ ભવન પર થયેલા હુમલા મામલે ગુજરાત કોંગ્રેસ આક્રમક મૂડમાં છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ગુજરાત આવી શકે છે. કોંગ્રેસની પોલીસે ફરિયાદ ન લેતા રાહુલ ગાંધી ગુજરાત આવશે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે રાહુલ ગાંધીને ગુજરાત આવવા આમંત્રણ આપ્યું છે. ૬ જુલાઈએ રાહુલ ગાંધી ગુજરાત આવે તેવી શક્યતા છે.

રાહુલ ગાંધીને અમદાવાદ આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. શક્તિસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે શાસક પક્ષના રવાડે અધિકારીઓ ન ચડે. શક્તિસિંહ ગોહિલે અમદાવાદ પોલીસને પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસની FIR કેમ લેવાતી નથી, પોલીસ લખીને આપે. શક્તિસિહ ગોહિલે ૬ જુલાઈએ કોંગ્રેસના કાર્યકર્તાઓને એકઠા થવાનું આહવાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે જો માંગ સ્વીકારવામાં નહી આવે તો છ જૂલાઈએ કોંગ્રેસ આક્રમક વિરોધ પ્રદર્શન કરશે. તેમણે કહ્યું હતું કે ભાજપે કોંગ્રેસ ઓફિસમાં હુમલો કર્યો હતો. હુમલો કરીને ભાજપે ગુજરાતની અસ્મિતાનું હનન કર્યુ છે. કોંગ્રેસ કાર્યાલયને સળગાવવાનો પ્રયત્ન કર્યો હતો. શક્તિસિંહ ગોહિલે પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે પથ્થરબાજી કરવાના ભાજપ ના ગ્રુપમાં મેસેજ ફરતા કર્યા હતા. કોંગ્રેસે અમદાવાદ પોલીસને જાણ કરી હતી.

શૈલેષભાઈ,અમિતભાઈ ચાવડાએ પોલીસને જાણ કરી હતી. હિંમતસિંહે પ ોલીસના અધિકારીઓ સાથે વાત કરી હતી. આત્મસુરક્ષાએ કાયદાએ આપેલ અધિકાર છે. ભાજપના હાથમાં હોકી અને તિક્ષ્ણ હથિયાર હતા. પોલીસ એ જનતાની સેવક છે. ભાજપના ગુંડાઓએ હુમલો કર્યો હતો. પોલીસે અમારી ફરિયાદ લીધી નથી. પોલીસે ફરિયાદમાં કેમ ભાજપ નેતાનું નામ લખ્યું નથી. ભાજપ અને અમદાવાદ પોલીસની મિલિભગત છે. શક્તિસિંહ ગોહિલે અપીલ કરી હતી કે આવા પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવે. હિંમતસિંહભાઈને રાતના ૧૧ વાગ્યા સુધી પોલીસે બેસાડી રાખ્યા છે.

## સ્કૂલો બંધ કરવી એ ઉપાય નથી નિયમો પાળે તેવું કરો : હાઈકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

TRP ગેમ ઝોનમાં આગ લાગવા મામલે આજે હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સત્ય શોધક કમિટી દ્વારા સીલ બંધ કવરમાં હાઈકોર્ટ સમક્ષ રિપોર્ટ મૂકવામાં આવ્યો હતો. આ રિપોર્ટ જોઈને કોર્ટ ઓર્ડર કરશે. જ્યારે શાળાઓની તપાસ અને મહાનગર પાલિકાઓની કામગીરી તેમજ દુર્ઘટનાઓમાં લેવાયેલા પગલાં અંગેનો રિપોર્ટ ૨૪ જુલાઈએ કોર્ટ સમક્ષ મુકાશે.આ મામલે હવે ૨૫ જુલાઈના રોજ વધુ સુનાવણી કરવામાં આવશે. બીજી તરફ ગેમિંગ ઝોન અને આનંદ મેળાના અરજદારોને પક્ષકાર બનાવવા કોર્ટે મનાઈ કરી દીધી છે. સુનાવણીમાં સરકારે રજૂઆત કરી કે, TRP ગેમ ઝોનને અગાઉ ડિમોલિશન નોટિસ આપવામાં આવી હતી.સરકારની આ રજૂઆત અંગે કોર્ટે કહ્યું કે ઓફિસરોને તેની ખબર હતી.કોર્ટે કહ્યું કે, ચેક એન્ડ બેલેન્સની સિસ્ટમ હોવી જોઈએ. કેટલાક લોકો સામે પગલાં ના લઈને શાંતિ નહીં રાખવાની, સતત કામ ચાલુ રાખવાનું. ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાના રોલ પર કોર્ટમાં ચર્ચા થઈ હતી. જેમાં કોર્ટે કહ્યું કે, સંસ્થાના હેડ એટલે કે મનપા કમિશનરની પણ જવાબદારી બને.આવા ઓફિસરોના આધારે સિસ્ટમ ચાલી શકે નહીં. હાઈકોર્ટમાં PIL કરનાર અમિત પંચાલે કહ્યું કે, મનપા કમિશનરને રાજ્ય સરકાર બેદરકારી કે અક્ષમતા બદલ દૂર કરી શકે છે.

### દારૂબંધીના ભંગ માટે અમદાવાદ કુખ્યાત છે

## દારૂ ભરેલી ગાડી બોર્ડર ક્રોસ કરી શહેરની હદમાં પહોંચે ત્યારે જ ઝડપાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દારૂબંધીના ભંગ માટે અમદાવાદ કુખ્યાત છે. સરેરાશ આંતરે દિવસે અમદાવાદમાંથી દારૂ ઝડપાઈ રહ્યો છે. બોપલ રોડ પરના ફોર્ચ્યુનરકાંડ બાદ સ્ટેટ મોનિટરિંગ સેલનો દાવો છે કે તે ફોર્ચ્યુનર કારનો પીછો કરતા ન હતા. જો પોલીસ પાછળ પડી નહોતી તો કાર બસ્સોની સ્પીડે કેમ દોડાવાતી હતી તે પણ એક સવાલ છે. આ પરિસ્થિતિમાં અમદાવાદ શહેર અને જિલ્લા પોલીસનો દાવો છે કે બોર્ડર ક્રોસ કરીને પાંચ જિલ્લા પાર કરી દારૂ ભરેલું વાહન અમદાવાદ જિલ્લા કે શહેરની હદમાં પહોંચે ત્યારે જ કેમ ઝડપાય છે? સ્ટેટ મોનિટરિંગ સેલ એક્ટિવ હોય તો બોર્ડર પર જ દારૂ ઝડપાઈ જવો જોઈએ. તાજેતરમાં જ ચૂંટણી ટાણે ગુજરાતની તમામ બોર્ડર સીલ કરવામાં આવી હતી તેમ આખું વર્ષ બોર્ડર પર પોલીસ તૈનાત રહે અને શંકાસ્પદ વાહનો પર વોચ રાખે તો દારૂ બોર્ડર પર જ ઝડપાઈ જાય તેવો સ્થાનિક પોલીસનો દાવો છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં મોનિટરિંગ સેલના વ્યાપક દરોડાને લઈને તમામ પોલીસ મથકોમાં એન્ટી સ્ટેટ મોનિટરિંગ સેલ રચવામાં આવ્યો છે. જેમાં પોલીસ મથકના ચોક્કસ પોલીસ કમીઓ માત્ર પોતાની હદમાં સ્ટેટ મોનિટરિંગ સેલના માણસો તો નથી ફરી રહ્યાને તેની વોચ રાખે છે.

### બોપલ પોલીસે માનવતા મહેકાવી

## પરિવારના સભ્યોથી ગર્ભ છૂપાવવા માટે માતા એક જ રૂમમાં અલગથી રહેતી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

શીલજમાં નવજાત બાળકને ત્યજી દેવાના કેસમાં પોલીસે ડોગની મદદથી માતાને શોધી કાઢી હતી. હાલ માતા અને બાળક સારવાર હેઠળ છે. ત્યારે પોલીસે પ્રાથમિક તપાસ કરતા બાળકની માતા રાજસ્થાનથી થોડા દિવસો પહેલા જ માસીને ત્યાં આવીને રોકાઈ હતી. અહીં આવ્યા બાદ કોઈને ગર્ભની જાણ ન થાય તે માટે ખૂલતા કપડાં પહેરતી હતી. સાથે જ તે મકાનના ઉપરના માળે એકલી જ એક રૂમમાં રહેતી હતી. ત્યારે હવે પોલીસે બાળકની માતા પર બળાત્કાર ગુજારનાર પ્રેમી સામે ગુનો નોંધવા રાજસ્થાન પોલીસને રિપોર્ટ કર્યો છે. શીલજ નજીક ઝાડી ઝાંખરાવાળા અવાવરુ સ્થળે ત્યજી દીધેલી હાલતમાં એક નવજાત બાળક મળી આવ્યુ હતું. ગ્રામ્ય પોલીસે બેલ્જિયમ મેલેનિયસ જાતિના ચેસર નામના ડોગની મદદ લીધી હતી. ચેસર નામનું ડોગ સ્મેલ કરીને ૧૫૦ મીટરના અંતરે એક મકાન આગળ આવીને ઊભું રહી ગયું હતું. બોપલ પોલીસની ટીમે તે મકાનમાં તપાસ કરતા બીમાર અવસ્થામાં પડેલી બાળકની માતાને શોધી કાઢી હતી. આ કેસમાં પોલીસે પ્રાથમિક તપાસ કરતા બાળકની માતાને રાજસ્થાનના એક યુવક સાથે ચારેક વર્ષથી પ્રેમ સંબંધ હતો. પરંતુ યુવકના લગ્ન થઈ જતા બાળકની માતા શીલજ ખાતે તેના માસીને ઘરે આવીને રહેતી હતી. તેને ગર્ભ હોવાની કોઈને જાણ ન થાય તે માટે ખૂલતા કપડાં પહેરતી હતી. સાથે જ તે મકાનના ઉપરના માળે એકલી રૂમમાં પુરાઈને બેસી રહેતી હતી. બનાવના દિવસે વહેલી સવારે તેને નોર્મલ ડિલીવરી થઈ જતા તેણે બાળકને ત્યજી દીધું હતું અને બાદમાં ગંભીર હાલતમાં તે તેના ઘરે પહોંચી હતી. આ કેસમાં જ્યારે પોલીસે ત્યજી દીધેલા બાળકની માતાને શોધી ત્યારે તે ગંભીર અવસ્થામાં હતી. જેથી પોલીસે તેને સારવાર માટે ખસેડી હતી. પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાઈ ત્યારે આ પરિવારની આર્થિક પરિસ્થિતિ નાજુક હોવાથી બોપલ પોલીસે દવાખાનાનો ખર્ચ આપીને પરિવારને મદદ કરી હતી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨